RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 300, Dt.08-3-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ૫ વર્ષમાં ૩ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવી દઈશું: મોદી

## નવસારીમાં લખપતિ દીદી સાથે પીએમ મોદીએ સંવાદ કર્યો: ૩૦૦૦ મહિલા સુરક્ષાકર્મીઓએ મોદીની સુરક્ષાની જવાબદારી સંભાળી: રાજ્યના ૨૫ હજાર સ્વસહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની નાણાકીય સહાય આપવામાં આવશે

**મુખ્ય સમાચાર,નવસારી**

નવસારીમાં લખપતિ દીદી સાથે પીએમ મોદીએ સંવાદ કર્યો છે,લગભગ ૩૦ મિનિટ સુધી આ સંવાદ કર્યો હોવાની વાત સામે આવી છે,૧૦ લખપતિ દીદી સાથે વુમેન્સ ડેના દિવસે પીએમ મોદીએ સંવાદ કર્યો છે,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સી.આર.પાટીલ આ સંવાદમાં હાજર રહ્યાં હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવસારીના વાસી બોરસી ખાતે પહોંચી ગયા છે. જે હેલિપેડ પાસે બનાવેલા ડોમમાં ૮ લખપતિ દીદીઓ સાથે ૩૦ મિનિટ સુધી સંવાદ કરશે. જે બાદ વડાપ્રધાન સભા મંડપમાં જઈને જનમેદનનીને સંબોધન કરશે.

૩૦૦૦ મહિલા સુરક્ષાકર્મીના શિરે પીએમ મોદીની સુરક્ષાની જવાબદારી છે,DYSP, PIથી લઈને ૩૦૦૦ મહિલાઓ ખડેપગે બંદોબસ્તમાં લાગી છે,ડોમની અંદરનું સુરક્ષા કવચ માત્ર મહિલાઓ પાસે છે,PMની સુરક્ષા માટે 32 DYSP, 45 PI,90 PSI સહિત કોન્સ્ટેબલ પણ ઉપસ્થિત છે સાથે સાથે મદદમાં હોમગાર્ડની મહિલાઓ પણ જોડાઈ છે,આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે સન્માન આપવા આયોજન કરાયું છે,મહિલા દિવસે SPGમાં પણ મહિલાઓની હાજરી છે. દેશની મહિલાઓને ઉદ્યોગસાહસિકતા માટે પ્રોત્સાહિત કરીને આર્થિક રીતે પગભર કરવા અને તેમનું સશક્તિકરણ કરવાના ઉદ્દેશથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ લખપતિ દીદી યોજનાથનો આરંભ કરાવ્યો હતો. લખપતિ દીદી એ સ્વસહાય જૂથની મહિલા સભ્યો છે, જેઓ મહિલા સ્વાવલંબન થકી આવકના વિવિધ સ્રોત જેવા કે કૃષિ, પશુપાલન, લઘુ ઉદ્યોગ વગેરેમાંથી માસિક ₹૧૦,૦૦૦ કે તેથી વધુની આવક અને વાર્ષિક ₹૧ લાખ કે તેથી વધુ આવક મેળવે છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વ્યાપક પ્રયાસોને કારણે આજે ૧ લાખ ૫૦ હજાર જેટલી મહિલાઓની વાર્ષિક આવક એક લાખ કે તેથી વધુ સુધી પહોંચી છે અને તેઓ લખપતિ દીદીઓ બની છે. આ સખી બહેનોની મહેનત





અને સમર્પણને સન્માનિત કરવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાજ્યના ૨૫ હજાર સ્વસહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની નાણાકીય સહાય આપવામાં આવશે. નવસારીમાં વાંસી બોરસી ખાતે યોજાનાર લખપતિ દીદી સંમેલનમાં નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાની ૧ લાખ મહિલાઓ ભાગ લેશે. આ મહિલાઓમાં મોટાભાગે સ્વસહાય જૂથોની સભ્ય મહિલાઓ, જેઓ લખપતિ દીદી બની છે અથવા તો બનવાની ઈચ્છા ધરાવે છે, તેઓ સામેલ થશે. પસંદ કરવામાં આવેલ ૧૦ લખપતિ દીદીઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંવાદ કરશે અને ૫ લખપતિ દીદીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરશે. આ ઉપરાંત, ગુજરાતમાં લખપતિ દીદી યોજના અંતર્ગત જે પ્રગતિ થઈ છે, તે દર્શાવતી એક ફિલ્મ પણ કાર્યક્રમ દરમિયાન બતાવવામાં આવશે. આ સાથે જ કાર્યક્રમ દરમિયાન બે મહત્વપૂર્ણ રાજ્ય વિશિષ્ટ યોજનાઓ પણ લોન્ચ કરવામાં આવશે.

# કોંગ્રેસ સંગઠનમાં મોટાપાયે સાફસુફનાં એંધાણ

## કોંગ્રેસમાં જ ભાજપના એજન્ટો : હાંકી કાઢો તો જ પાર્ટી બેઠી થઈ શકશે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાત કોંગ્રેસમાં પ્રાણ ફુંકવા તથા આવતા મહિને અમદાવાદમાં યોજાનારા પાર્ટીનાં રાષ્ટ્રીય અધિવેશનની તૈયારીઓની સમીક્ષા કરવા બે દિવસનાં પ્રવાસે આવેલા રાહુલ ગાંધી સમક્ષ કાર્યકરો-આગેવાનોએ ભારે હૈયાવરાળ ઠાલવી હતી.

કોંગ્રેસમાં જ ગદ્દાર એવા ભાજપનાં સ્લીપર સેલ હોવાનો તથા તેઓ કોંગ્રેસનું પતન સર્જી રહ્યાનો આરોપ લગાવ્યો હતો. રાહુલ ગાંધીએ પ્રદેશ નેતાઓ સામે નારાજગી દર્શાવીને ખખડાવ્યા હોવાની પણ ચર્ચા છે.આ સંજોગોમાં કોંગ્રેસ સંગઠનમાં મોટા ફેરબદલનાં એંધાણ છે.

રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ૪૦૦થી વધુ કોંગ્રેસ નેતા અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. અહીં તેમણે શહેર-જિલ્લા પ્રમુખો, તાલુકા-નગર પ્રમુખો સાથે રાજ્યની મુખ્ય સમસ્યા અંગે ચર્ચા કરી હતી.

ત્યારબાદ દિગ્ગજ નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે ગુજરાતમાં કોંગ્રેસ સંગઠનની વર્તમાન સ્થિતિ અંગે પણ ગહન ચર્ચા કરી હતી. રાહુલ ગાંધીએ રાજ્યમાં કોંગ્રેસની સ્થિતિને લઈને ખુબ નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે તમામ સિનિયર કોંગ્રેસ આગેવાનોને કેટલાક સવાલો પૂછ્યા હતા. આ દરમિયાન તેમણે કોંગ્રેસ નેતાઓને ખખડાવ્યા હતા. ગુજરાતની ચૂંટણીઓમાં કારમી હારને લઈને સિનિયર નેતાઓનો ઉધડો લીધો હતો.

ગુજરાતમાં કોંગ્રેસ વર્ષ ૧૯૯૫થી સત્તાથી દૂર છે. પરંતુ ગુજરાતના કોંગ્રેસ કાર્યકર્તાઓ શીર્ષ નેતૃત્વથી સંતુષ્ટ ન હોવાનું આજે જોવા મળ્યું હતું. અમદાવાદમાં યોજેલી બેઠકમાં કાર્યકરોનો આક્રોષ જોવા મળ્યો હતો. આ દરમિયાન ગુજરાત કોંગ્રેસ સંગઠનને બદલવા માગ ઉઠી હતી. કેટલાક આરોપ લગાવાયા હતા અને કેટલીક માગ પણ રજૂ કરાઈ હતી.



આક્રમકતા સાથે લડી શકે એવા નેતાઓને કેન્દ્રીય નેતૃત્વ સપોર્ટ કરે અને લીડરશિપ કોમ્પ્રોમાઈઝ ના હોવી જોઈએ એવી રજૂઆત કરાઈ હતી. કોંગ્રેસના નેતાઓએ રાહુલ ગાંધીને રજૂઆત કરી કે સતત ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે સંપર્કમાં રહે.

રાહુલ ગાંધી સાથેની બેઠકમાં કોંગ્રેસ કાર્યકર્તાઓએ રાજ્યના શીર્ષ નેતૃત્વ પર સવાલો ઉભા કર્યા હતા. શીર્ષ નેતૃત્વને કારણે ગુજરાતમાં પાર્ટીનું પતન થઈ રહ્યું હોવાની વાત કરી હતી.

એક કાર્યકર દ્વારા ગણતરીના નેતાઓનું જ કોંગ્રેસમાં ચાલતું હોવાની ફરિયાદ કરવામાં આવી હતી.

# ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે કાલે ચેમ્પિયન્સ ટ્રોફીનો ફાઈનલ રોમાંચક બનશે

**મુખ્ય સમાચાર, દુબઈ**

દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ પર ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચ ૯ માર્ચે રમાશે. મેચ માટે હજુ સમય છે, પરંતુ તે પહેલાં મેચ કઈ પિચ પર રમાશે તે નક્કી થઈ ગયું છે. પિચ રિપોર્ટ સામે આવ્યા બાદ એ સ્પષ્ટ થઈ ગયું છે કે તે સ્પિનરો માટે મદદરૂપ થશે કે બેટ્સમેનોનો હાવી રહેશે. ખાસ વાત એ છે કે, જે પિચ પર ફાઈનલ મેચ રમાશે તે નવી નથી. આ પહેલા આ જ પિચ પર એક લીગ મેચ રમાઈ ચૂકી છે, જેમાં ટીમ ઈન્ડિયાએ જીત હાંસલ કરી હતી. પિચ સામે આવ્યા બાદ ટીમ



ઈન્ડિયાએ રાહતનો શ્વાસ લીધો હશે. પરંતુ ન્યૂઝીલેન્ડને હરાવવું સરળ નહીં રહેશે.

અહેવાલ પ્રમાણે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ફાઈનલ મેચ એ જ પિચ પર રમાશે જેનો ઉપયોગ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ દરમિયાન થયો હતો. આ મેચ ૨૩ ફેબ્રુઆરીના રોજ રમાઈ હતી અને ભારતે આ મેચ સરળતાથી જીતી લીધી હતી. એવી અપેક્ષા છે કે આ પિચ સ્પિનરો માટે મદદરૂપ થશે અને અહીં ખૂબ મોટો સ્કોર નહીં બનશે. પિચ ધીમી હશે.

# તમિલમાં એન્જીનીયરીંગ અને મેડીકલનું શિક્ષણ શરૂ કરાવવું જોઈએ: અમિત શાહ

- સીએમ સ્ટાલીનના ‘એલકેજી સ્ટુડન્ટ’ વાળા નિવેદન પર કેન્દ્રીય ગૃહમંત્રીનો પલટવાર



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

તામિલનાડુમાં રાષ્ટ્રીય શિક્ષા નીતિ (એનઈપી)ને લઈને ચર્ચા છેડાઈ છે. કથિત રીતે ત્રીજી ભાષા થોપવાને લઈને ચાલી રહેલ ચર્ચા ભાજપ અને સતારૂઢ ડીએમકે વચ્ચે રાજનીતિક જંગમાં બદલાઈ ગઈ છે.

મુખ્યમંત્રી સ્ટાલિનના સતત પ્રહાર બાદ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પલટવાર કરી કહ્યું છે. સ્ટાલીને હવે રાજયમાં તમિલમાં એન્જીનીયરીંગ અને મેડીકલનું શિક્ષણ શરૂ કરાવવું જોઈએ. જયારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ અન્નામલાઈએ તમિલનાડુના મુખ્યમંત્રી પર હિન્દી થોપવાના લઈને ભ્રમ ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. અમીત શાહ અને અન્નામલાઈનું નિવેદન તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલીન દ્વારા એલકેજીના છાત્ર દ્વારા પીએચડી ધારકને લેકચર દેવા જેવું કહ્યા બાદ આવ્યું છે.

અમીત શાહે જણાવ્યુ હતું કે મોદી સરકારે ફેરફાર કર્યા છે અને હવે એ નિશ્ચિત કરાયું છે કે સીઆઈએસએફના ઉમેદવાર પોતપોતાની ક્ષેત્રીય ભાષામાં પરીક્ષા દઈ શકશે.

અમીત શાહે કહ્યું હતું કે, હું તમિલનાડુના મુખ્યમંત્રીને છાત્રોના લાભ માટે રાજયમાં તમિલમાં એન્જીનીયરીંગ અને મેડીકલ શિક્ષણ શરૂ કરવાની અપીલ કરું છું.

# અમેરિકા ટેરીફના એલાનથી જવેલરી નિકાસને મોટો ફટકો પડવાની આશંકા

## રાજકોટ, જયપુર, આગ્રા જેવા ઉત્પાદન કેન્દ્રોને મોટી અસર થવાની ભીતિ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિતના દેશો પર રેસીપ્રોકલ ટેરિફ લગાડવાની કરેલી જાહેરાતથી દેશની જવેલરી નિકાસને મોટો ફટકો પડવાની આશંકા વ્યકત થવા લાગી છે.ભારતની જવેલરી નિકાસ અન્ય દેશોમાં ખેંચાઈ જવાની ભીતિ વ્યકત કરીને ઝવેરાત નિકાસકારોએ યોગ્ય પગલા લેવા સરકારમાં ધા નાખી છે.

સોનીબજારનાં સુત્રોના કહેવા પ્રમાણે ભારતમાંથી સોનાની જવેલરી ઉપરાંત ડાયમંડ, ચાંદી સહિતની કિંમતી ચીજોની જંગી નિકાસ થાય છે. ૮૫ ટકા નિકાસ વ્યવહાર મૂંબઈના શાંતાક્રુઝ ઈલેકટ્રોનિકસ એકસપોર્ટ, ગેસેસીંગ ઝોનમાંથી થાય છે.

ભારત પર રેસીપ્રોકલ ડયુટી લાદવાના ટ્રમ્પના એલાનથી એકસપોર્ટ ઝોન ધ્રુજી ગયુ છે. કારણ કે જવેલરી નિકાસ રૂંધાવાની અને અન્ય દેશોમાં ઢસડાઈ જવાની આશંકા છે.

એકસપોર્ટ પ્રોસેસીંગ ઝોનનાં જેમ્સ એન્ડ જવેલરી મેન્યુફેકચરીંગ એસોસીએશનનાં પ્રમુખ આદિલ કોટવાલે કહ્યું કે ટ્રમ્પે કરેલી જાહેરાત મુજબ ૨ એપ્રિલથી રેસીપ્રોકલ ડયુટી લાગુ પડે તો નિકાસને ફટકો પડવા ઉપરાંત બેરોજગારીનો પણ ખતરો સર્જાઈ શકે છે.

જવેલરી ક્ષેત્રમાં હજારો-લાખો કારીગરો છે.નિકાલ એટલે કે કામ મળતુ થંભી જશે અને રોજગારીનાં પ્રશ્નો સર્જાશે.અમેરિકા સાથે ડયુટી વિશે વાટાઘાટો કરીને યોગ્ય ઉકેલ લાવવાની જરૂર છે. અમેરિકી જવેલરી પરની ડયુટી અનુરૂપ કરવાનું જ હિતમાં રહેશે.

જવેલરીને લાગેવળગે છે ત્યાં સુધી ભારત માટે અમેરિકા મોટુ માર્કેટ છે. રેસીપ્રોકલ ડયુટી લાગુ થાય તો અમેરિકાનાં ઓર્ડર ફ્રાંસ, ઈટાલી, સ્વીટઝરલેન્ડ, જોર્ડન અને દક્ષિણ કોરીયા તરફ ખેંચાઈ જાય તેમ છે. કારણ કે મુકત વ્યાપાર સંધી હેઠળ આ દેશોના ટેરિફ શુન્ય અથવા સાવ મામુલી છે.

જોર્ડનને લાગે વળગે છે ત્યાં સુધી અમેરિકામાં ડયુટી ફ્રી નિકાસ છે. ફ્રાંસ તથા ઈટાલી અમેરિકી જવેલરી પર માત્ર ૨.૫ ટકા ટેરિફ વસુલે છે. જયારે ભારત ૨૦ ટકા ડયુટી વસુલે છે.ભારત કરતાં ઉક્ત દેશોની ટેરિફ ઘણી ઓછી છે એટલે



ટ્રેવોરનાં સંજોગોમાં સીધો ફાયદો મેળવી શકે તેમ છે. ભારતની અમેરિકામાં અબજ ડોલરની જવેલરી નિકાસ છે અને સૌથી વધુ જેમ્સ-જવેલરી નિકાસ કરતો દેશ છે.

અમેરિકા, રેસીપ્રોકલ ડ્યુટી લાદે તો તે ૫ થી ૨૦ ટકાની રેન્જમાં રહી શકે છે અને તે પડકારજનક નિવડી શકે છે. કલર્ડ જેમસ્ટોનને પણ મોટો ફટકો પડે કલર્ડ જેમસ્ટોનનો સૌથી મોટો ફટકો જયપુરને લાગ્યો છે. ગોલ્ડ જવેલરીની ૨.૫૫ અબજ ડોલર પ્લેન ગોલ્ડલ જવેલરીની ૨૬૭ મીલીયન ડોલર, લેબગ્રોન ડાયમંડની ૮૩૧ મીલીયન ડોલર તથા ચાંદીના દાગીનાની ૩૨૦ મીલીયન ડોલરની નિકાસ થાય છે.

# વિમાન દુર્ઘટનાઓમાં થયેલા વધારાનાં કારણે લોકોનો હવાઈ સફરમાં ભરોસો ઘટયો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વિમાન દુર્ઘટનાઓમાં થયેલા વધારાનાં કારણે લોકોનો હવાઈ સફરમાં ભરોસો ઘટયો છે. સર્વેમાં ચોંકાવનારા પરિણામો આવ્યા છે. પાયલોટસને પણ ચિંતા સતાવી રહી છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ વિમાન દુર્ઘટનામાં થયેલા વધારા બાદ વિમાન યાત્રાને લઈને સવાલો ઉભા થઈ રહ્યા છે. માત્ર પેસેન્જર્સ જ નહીં બલકે પાયલોટસ પણ ચિંતીત છે.

કોરોના લોકડાઉન પુરૂ થયા બાદથી જ સીસ્ટમ પર ઘણુ દબાણ છે. આ સ્થિતિમાં લોકોનો ભરોસો પણ ઘટયો છે.ફેબ્રુઆરીમાં થયેલા સર્વેમાં માત્ર ૬૪ ટકા લોકોએ જ હવાઈ યાત્રાને સુરક્ષીત માની છે.

ખરેખર તો એસોસીએટેડ પ્રેસ-ઓનઓઆરસી સેન્ટર ફોર પબ્લિક અફેર્સ રિસર્ચે ફેબ્રુઆરીમાં સર્વે કરાયો હતો જેમાં યુએસનાં ૬૪ ટકા વયસ્કોનું માનવુ છે કે હવાઈ યાત્રા હજુ પણ સેફ છે.

આ આંકડા ચોંકાવનારા છે. કારણ કે ૨૦૨૪ માં થયેલા આ સર્વેમાં ૭૧ ટકા વયસ્કોએ હવાઈ યાત્રાને સેફ બતાવી હતી.સ્પષ્ટ છે કે માત્ર એક વર્ષમાં જ હવાઈ યાત્રા પ્રત્યે લોકોને ભરોસો ઓછો થયો છે. રસપ્રદ વાત એ છે કે સર્વે ડીસીમાં થયેલા પ્લેન ક્રેશ બાદ કરાયો હતો.

પણ સર્વે બાદ જ ડેલ્ટા એરલાઈનનાં પ્લેન ક્રેશની ઘટના પણ બહાર



આવી. કોરોના કાળ બાદ લાગેલા લોકડાઉન બાદ સ્થિતિ ધીરે ધીરે સામાન્ય થઈ ગઈ અને હવે એવિએશન સેકટર પર ઘણુ પ્રેસર છે.માત્ર પેસેન્જર જ નહિં પાયલોટ પણ સુરક્ષાને લઈને ચિંતીત છે.

એલાઈડ પાયલોટસ એસો.ના પ્રવકતાએ જણાવ્યું હતું કે ટેકનોલોજી અપગ્રેડ નથી કરવામાં આવી રહી વિમાનોને જલદી ઉડાડવાનું દબાણ છે તેમણે જણાવ્યું છે કે અમારી સામે ખરેખર સમસ્યા છે.એસો.નું કહેવુ છે કે યાત્રીઓનું ચિંતીત રહેવુ ઠીક છે.પરંતુ તેમણે ફલાઈટમાં ઉડાન ભરવાથી ડરવુ ના જોઈએ.

# બેંકોની ધિરાણ વૃદ્ધિ ઘટી હોવા છતાં ધિરાણ અને થાપણ વચ્ચેનો ગેપ યથાવત

## બેન્કો માટે થાપણો મેળવવી અઘરી : એક વર્ષમાં રીઝર્વ બેન્કે અનસિકયોર્ડ ધિરાણ પર બ્રેક મારી છતા પરીસ્થિતિ જેમની તેમ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ભારતની બેન્કો માટે ધિરાણ અને થાપણ વચ્ચેના વૃદ્ધિદરમાં વધતો જતો તફાવત સતત ચિંતાનો વિષય રહ્યો છે અને બેન્કના ધિરાણ દરની ગતિ ઘટી હોવા છતાં પણ તે થાપણ વૃદ્ધિદરથી આગળ રહ્યો છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા આપવામાં આવેલા આંકડામાં તેની સાક્ષી પુરે છે.

આરબીઆઈના અહેવાલ મુજબ તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના દિને બેન્કોની થાપણો રૂા.૨૨૨ લાખ કરોડ નોંધાઈ છે જે ગત વર્ષે આ સરેરાશ ૧૩.૧%ના વૃદ્ધિદર સાથે ૧૦.૩% જેવો નીચો રહ્યો છે જયારે બેન્ક ધિરાણ રૂા.૧૭૯.૯ લાખ કરોડ નોંધાયુ છે. જે ગત વર્ષના આ સમયગાળાના ૨૦.૫% ના દરની સામે ૧૧% જ ધિરાણ વૃદ્ધિ નોંધાઈ છે.

આમ ધિરાણ વૃદ્ધિ ઘટી હોવા છતાં પણ ધિરાણ અને થાપણ વચ્ચેનો ગેપ યથાવત જ રહ્યો છે અને જયારે આ વર્ષના સમયગાળામાં ધિરાણવૃદ્ધિ દર ઘટયું તેમાં નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓના ધિરાણને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ જે બ્રેક મારી છે તેને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓનો ધિરાણ ૧ વર્ષની સરખામણીમાં ૧૫.૬%થી ઘટીને ૭.૭% નોંધાયુ છે.


કોવિડ કાળ બાદ બેન્કોના ધિરાણદરમાં વૃદ્ધ નોંધાવાનો પ્રારંભ થયો



હતો અને જાન્યુઆરી ૨૦૨૩ના ૨૮.૬% ના ધિરાણ વૃદ્ધિ સામે જાન્યુઆરી ૨૦૨૪ના તે ૧૧.૮% નોંધાયો છે.

પણ જે રીતે બેન્કોમાં અનસિકયોર્ડ લોનનું પ્રમાણ વધવા લાગ્યુ અને તેમાં પણ ડિફોલ્ટના મોટા આંકડા બહાર આવતા જ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ આ પ્રકારના ધિરાણને નિયંત્રીત કરવા બેન્કો પર સખ્તાઈ શરૂ કરી હતી અને હવે કેર રેટીંગના જણાવ્યા મુજબ બેન્કોના ધિરાણ વૃદ્ધિદરને ખુદ બેન્કો પણ બ્રેક લગાવી રહી છે.

# લાઠીના હાવતડ નજીક બાઈક અને રીક્ષા અથડાતાં પિતા-પુત્રી સહિત ત્રણના મોત



લાઠી તાલુકાના હાવતડ અને ઈંગોરાળા વચ્ચે ગત મોડી રાત્રે રીક્ષા અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. મૃતકોમાં બે પુરૂષ અને એક બાળકીનો સમાવેશ થાય છે. મૃતકોની ડેડબોડીને દામનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાલ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર લાઠી તાલુકાના હાવતડ અને ઈંગોરાળા ગામ વચ્ચે રીક્ષા અને બાઈક વચ્ચે ધડાકાભેર જોરદાર ટક્કર સર્જાઈ હતી. લીલીયા નજીક આવેલા ખારા ગામનો દેવીપુજક પરિવાર જગદીશભાઈ મોહનભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) દિનેશભાઈ મનુભાઈ વાઘેલા (ળ.સ.શશ) અને દિનેશભાઈની બે વર્ષની પુત્રી રાજલ ત્રણ સવારી બાઈકને દામનગર જવા નીકળ્યા હતા. આ દરમિયાન સામેથી આવી રહેલી રીક્ષા સાથે ટક્કર સર્જાતા એક જ પરિવારના ત્રણેય સભ્યોનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે રીક્ષા ચાલકને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# જસદણમાં કપાસના વેપારી સાથે ૧.૨૬ કરોડની છેતરપિંડી કરનાર પાંચ ઝડપાયા

## રાજકોટની ઠગબાજ ટોળકીએ પાળીયાદ, સાવરકુંડલા, અમદાવાદ સહિતના અને વેપારીઓ સાથે ૫૫ કરોડની ઠગાઈ કર્યાની શક્યતાઃ એક દિવસના રિમાન્ડ મંજુર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જસદણનાં કપાસનાં વેપારી સાથે રૂ. ૧.૨૬ કરોડની ઠગાઈ કરનાર રાજકોટનાં પાંચ શખ્સો સામે ફરીયાદ નોંધાયા બાદ પાંચેયની ધરપકડ કરવામા આવી છે . આ પાંચેય આરોપીને જસદણ કોર્ટમાં રજૂ કરી પોલીસે પાંચ દિવસની રિમાન્ડની માંગણી કરી હતી.જેમાં કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતાજસદણના વેપારીએ રાજકોટના પાંચ શખ્સોએ સામે ૧ કરોડ ૨૬ લાખની ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. જસદણના વેપારી પાસેથી આરોપીઓએ કપાસની ૧૬ કરોડની કિંમતની ૫૫૦૦ ગાંસડીની ખરીદી કરી હતી. ૧૬ કરોડની કિંમતની ગાંસડીઓ ખરીદી જેમાં જેમાં ૧૩ કરોડ ૭૩ લાખની રકમ રોકડ આપી હતી. બાકીની રકમ ૧૫ દિવસ પછી આપવાનું કહીને આ ઠગબાજો ફરાર થઈ ગયા હતા. જસદણના વેપારીએ ૧૫ દિવસ પછી તમામને કોલ કરતા તેમના ફોન બંધ આવ્યા હતા. ત્યાર બાદ વેપારીને ભાન થયું કે મારી સાથે ઠગાઈ થઈ છે. વેપારીએ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ દાખલ કરી હતી. ચોટીલાના સિધ્ધનાથ કોટેક્સ કંપનીના ૫ ભાગીદારોએ વેપારી સાથે ઠગાઈ કરી હોવાનુ ફરિયાદમા ઉલ્લેખ કરાયો છે જેમા પોલીસે રાજકોટનાં



ઈન્દ્રપ્રસ્થ હેમુ ગઢવી હોલ પાછળ રહેતા દર્શન રમણીક ભાલારા, ક્રિષ્નકુંજ સોસાયટીમા રહેતા પિતા – પુત્ર સુરેશ ગોવિંદભાઈ લુણાગરીયા અને વિરેન સુરેશ લુણાગરીયા તેમજ રમણીક ચકુભાઈ ભાલારા અને રાધે પાર્કમા રહેતા જતીન મગનભાઈ સોરઠીયાની જસદણ પોલીસે ધરપકડ કરી હતી તપાસ કરતા જાણવા મળ્યુ કે આ ઠગબાજ ટોળકીએ પાળીયાદ, સાવરકુંડલા,અમદાવાદ સહિતના અને વેપારીઓ સાથે ૫૫ કરોડની ઠગાઈ આદરી હતી.

# સુરતમાં પીએમના કાર્યક્રમ પૂર્વે રિહર્સલ દરમિયાન સગીરને વાળ ખેંચનાર મોરબીના પીએસઆઈનો ઈજાફો અટકાવાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન સુરત ખાતે પીએમના રિહર્સલ દરમિયાન મોરબીના પીએસઆઈએ કોન્વેયમાં વચ્ચે ઘુસી ગયેલા સગીરને વાળ પકડી મુક્કા મારતા સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ગૃહવિભાગે ખાખીને ૯ લગાવનાર પીએસઆઈનો એક વર્ષનો ઈજાફો અટકાવી દીધો હોવાનું મોરબી જિલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન મોદીના કાર્યક્રમ પૂર્વે ખાખી રિહર્સલ દરમિયાન એક બાળક ભૂલથી સાયકલ લઈને રોડ આવી ચડતા ફરજ ઉપર રહેલા પોલીસ કર્મીએ બાળકને વાળ પકડીને મુક્કા માર્યા હતા અને આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થવાની સાથે જ સામાજિક કાર્યકરે ગૃહવિભાગને ફરિયાદ કરી હતી.



દરમિયાન સુરતની આ ઘટનામાં બાળકને માર મારનાર પીએસઆઈ મોરબીના હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે મોરબીજિલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, બી ડિવિઝનમાં ફરજ બજાવતા પીએસઆઈ બી.એ ગઢવી હાલમાં ટ્રેનિંગમાં છે. આ ઘટના બાદ તેમનો એક વર્ષનો ઈજાફો કાપી લેવા આદેશ કરાયો હોવાનું તેમને જણાવ્યું હતું.

# જામનગર કામદાર કોલોનીના મકાનમાંથી દારૂની નાની મોટી ૪૭ બોટલ સાથે એક પકડાયો

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગરની કામદાર કોલોનીમાં એક મકાનમાંથી પોલીસે ઈંગ્લીશ દારૂની બે મોટી બોટલ અને ૪૫ ચપલા કબજે કર્યા છે. આ જથ્થા સાથે ઝડપાયેલા શખ્સે સપ્લાયરનું નામ આપ્યું છે. જ્યારે દરેડ પાસે સીએનજી પંપ નજીક દારૂની ૫૪ બોટલ એલસીબીએ કબજે કરી છે. મુંબઈથી આ જથ્થો આવ્યો હતો અને તેની ડિલિવરી પહેલા પકડી લેવાયો હતો. બે સીમધારક સામે ગુન્હો નોંધાયો છે.જામનગરના કામદાર કોલોની વિસ્તારમાં આવેલા એક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી સિટી સી ડિવિઝનના સ્ટાફે શેરી નં.૮માં હરીઓમ ટાવર પાસે રહેતા દિગ્વિજયસિંહ હસમુખસિંહ જાડેજા ઉર્ફે ચંદ્રસિંહ ઉર્ફે દિગુ નામના શખ્સના મકાનમાં દરોડો પાડી તલાશી લીધી હતી.આ મકાનમાંથી વોડકા તથા વ્હીસ્કીના અલગ અલગ ૪૫ ચપટા તેમજ દારૂની કાચની બે મોટી બોટલ મળી આવી હતી. આ જથ્થા સાથે દિગ્વીજયસિંહની ધરપકડ કરાઈ છે. તેણે આ જથ્થો રવિ ઓધવજીભાઈ કગથરા ઉર્ફે રવિ પટેલ પાસેથી લીધો હોવાની કબૂલાત કરી છે.


જામનગર નજીકના દરેડ ગામ પાસે આવેલા સીએનજી પંપ નજીક કુરિયર કંપનીનો એક માણસ ઈંગ્લીશ દારૂની ડિલિવરી દેવા આવી રહ્યો હોવાની બાતમી એલસીબીના કિશોર પરમાર, અરજણભાઈ, ધર્મેન્દ્રસિંહને મળતા પીઆઈ વી.એમ. લગારીયાની સૂચનાથી એલસીબી ટીમ દોડી ગઈ હતી.ત્યાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૫૪ બોટલ મળી આવી હતી. આ જથ્થો મુંબઈથી મોકલાયો હોવાનું ખૂલ્યું છે. એલસીબીએ બે મોબાઈલ નંબર મેળવ્યા છે અને તેના ધારકો સામે ગુન્હો નોંધી તપાસ આદરી છે.

# જામનગરમાં એક ડઝન જુગારી ઝડપાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર બેડી મરીન પોલીસે બાતમીના આધારે શહેરમાંથી ઘોડીપાસાની જામેલી મહેફીલ ઉપર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે ઘોડીપાસનાો જુગાર રમી પૈસાની હારજીત કરી રહેલાં ફિરોઝ ઉર્ફે પપ્પુ હુશેનભાઈ ખફી ઉ.વ.૩૮, રહે.નાગેશ્વર કોલોની બરફના કરખાના વારી શેરી જામનગર, રવજી નારણભાઈ વાગોણા ઉ.વ.૪૩, રહે.નાગેશ્વર કિષ્નાપાર્ક જામનગર, મુકેશ વેજાભાઈ ઓડેદરા ઉ.વ.૫, રહે.હર્ષદ મીલની ચાલી કોળીના ડેલા પાસે જામનગર. અનીલ હરીલાલ નંદા ઉ.વ.૬૩, રહે.પવનચક્કી બાવાવાડ જામનગર, રવી સુખાભાઈ કંબોયા ઉ.વ.૩૦, રહે.શંકરટેકરી સુભાષપરા શેરી નંબર-૨ જામનગર), આમીન મુસાભાઈ કકલ ઉ.વ.૨૭, રહે.વાઘેર વાડો વિકટોરીયા પુલ પાસે આશાપુરા મંદીરની બાજુમા બચુનગર જામનગર. વિશાલ કાનજીભાઈ રાઠોડ ઉ.વ.૩૮, રહે.નવાગામ ઘેડ દલીતવાસ જામનગર. ભાવેશકુમાર મહેશભાઈ હરવાણી ઉ.વ.૩૦, રહે.હાથી કોલોની શેરી નં-૧ સુમેર કલબ રોડ જામનગર. સરફરાજ સાદીકભાઈ સિપાઈ ઉ.વ.૩૫, રહે.મછીપીઠની ખડકી ખોજાવાડ ખોજાના નાકા પાસે જામનગર, ફારૂકહુશેનભાઈ ઓડીયા ઉ.વ.૪૪, રહે.લંઘાવાસ ના ઢારીયે જામનગર, સતિશ દેવરાજન કુમાર ઉ.વ.૪૯, રહે. સ્વમીનારાણનગર શેરી.૫ હાલાર હાઉસની પાછ્ળ જામનગર, રવી મગનભાઈ ચોહાણ ઉ.વ.૩૯, રહે.ભીમવાસ શેરી નં-૧ જામનગર નામના ૧૨ શખ્સોને ઝડપી પાડ્યાં હતાં.પોલીસે પકડાયેલા શખ્સો પાસેથી ૨૪,૩૫૦ ની રોકડ જપ્ત કરી તમામ વિરૂધ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# એસઓજી દ્વારા ખનીજ ચોરી પર તવાઈઃ ૧૩ વાહનો જપ્ત, કરોડોનો મુદ્દામાલ ઝડપાયો



જામનગર જિલ્લામાં ખનીજ માફિયાઓ સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ પોલીસે ધ્રોલ, જોડિયા-જાંબુડા વિસ્તારમાંથી રેતી ભરેલા ૧૩ ટ્રક પર કાર્યવાહી કરાઈ છે. એસપી પ્રેમસુખ ડેલુએ ખનીજ ચોરી રોકવા માટે પોલીસ ટીમને કડક કાર્યવાહીની સૂચના આપી હતી. આ સૂચના બાદ પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.જામનગર જિલ્લામાં ગેરકાયદે રેતી ખનન સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. એસઓજી પોલીસે જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી રોયલ્ટી વગર અને ઓવરલોડ રેતી ભરેલા ૧૩ ટ્રક જપ્ત કર્યા છે. પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની સૂચના મુજબ, એસઓજી પોલીસ ઇન્સપેક્ટર બી.એન.ચૌધરી અને પીએસઆઈ એલ.એમ.ઝેરની આગેવાનીમાં ટીમે ખાણ-ખનીજ વિભાગ સાથે મળીને આ કાર્યવાહી કરી. પંચ પએથ, પંચ પબીથ, ધ્રોલ અને જોડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ ટીમો બનાવી દરોડા પાડવામાં આવ્યા હતા.ખીજડિયા બાયપાસ અને જાંબુડા પાટિયા પાસેથી ૮ ટ્રક, ઠેબા ચોકડી અને મોરકંડા પાટિયા વિસ્તારમાંથી ૨ ટ્રક તેમજ જોડિયાના હડિયાણા ગામ પાસેથી ૩ ટ્રક પકડી પાડવામાં આવ્યા. આ ઉપરાંત ધ્રોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધાંગડા ગામના પાટિયા પાસેથી બિનવારસી હાલતમાં ૩૫૦ ટન રેતીનો જથ્થો મળી આવ્યો હતો.

# હળવદમાં ચોરીના ૪૦૦ લીટર ડીઝલ સાથે પાંચ ઈસમોને પકડી લેતી પોલીસ

## હળવદ પોલીસે બે કાર, ચોરી કરેલ ડીઝલના જથ્થા સહિત કુલ રૂ.૫.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ પોલીસે ટ્રકમાંથી ચોરી કરતી ગેંગને ચોરીના ૪૦૦ લીટર ડીઝલના જથ્થા સાથે પકડી લેવામાં આવી છે, જેમાં ડીઝલ ચોરી કરતી ગેંગ અલગ અલગ સ્થળોએ પાર્કિંગમાં પાર્ક કરેલ ટ્રકની ટેન્કમાંથી ડીઝલ ચોરી કરતી હોવાનું સામે આવ્યું છે, ત્યારે હાલ ડીઝલ ચોરી કરતી ગેંગના કુલ પાંચ સાગરીતોને હળવદના માથક ગામ નજીકથી દબોચી લેવામાં આવ્યા છે, પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરેલ ડીઝલ, બે કાર સહિત ૫.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક તેમજ નાયબ પોલીસ અધિક્ષક દ્વારા જીલ્લામાં ટ્રકમાં થતી ડીઝલ ચોરી તાંતબ કેમિકલ ચોરી અટકાવવા સૂચના કરી હોય જે અનુસંધાને હળવદ પોલીસ મથક ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન પો.કોન્સ. વનરાજસિંહ માવુભા તથા દિવ્યરાજસિંહ મહેન્દ્રસિંહને મળેલ બાતમી હકિકત આધારે માથક ગામ નજીક રેઈડ કરી એક આઈ.૨૦ કાર રજી.નં. જીજે-૨૩-એએન-૪૪૮૧ તથા ઈક્કો કાર રજી.નં. જીજે-૦૭-ડીડી-૯૩૫૯ માંથી અલગ અલગ કુલ ૧૨ કેરબાઓમાં ૪૦૦ લીટર શંકાસ્પદ/ચોરીના ડિઝલના જથ્થા સાથે આરોપી કુલદીપસિંહ ભરતભાઈ લકુમ રહે.ગામ માથક તા.હળવદ, વિજય ઉર્ફે ગોપાલ વનરાજભાઈ પરમાર, પ્રદિપકુમાર ઉર્ફે ગોટી પ્રતાપસિંહ પરમાર, અલ્પેશકુમાર ઉર્ફે લાલો પ્રવિણસિંહ પરમાર તથા અંકિતકુમાર ઉર્ફે મથુર નરવતસિંહ ચાવડા ઉપરોક્ત




ચારેય આરોપીઓ રહે.ગામ કોટ લીંડોરા તા.ઠાસરા જી.ખેડા એમ કુલ પાંચ આરોપીઓને કુલ કિ.રૂ ૫,૩૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી પાંચેય વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

વધુમાં હળવદ પોલીસની રેઈડ દરમિયાન પકડાયેલ પાંચેય આરોપીઓની સઘન પુછપરછ કરતા આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ડિઝલનો જથ્થો મોરબી તાલુકાના લગધીરપુર રોડ તથા વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ ઉપરથી અલગ અલગ જગ્યાએ પાર્કિંગ કરેલ ટ્રકોમાંથી રાતના સમયે ચોરી કરેલ હોવાનુ કબુલાત આપવામાં આવી છે.

# જામનગર જિલ્લામાં રહેતા શિવાંશને મળી માં-બાપની હૂંફ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેકટર કેતન ઠક્કર દ્વારા જામનગર જિલ્લાના જામજોધપુરમાં રહેતા બાળકને યુએસએના ન્યૂજર્સી ખાતે વસવાટ કરતાં દંપતીને દત્તક વિધાન હેઠળ સોંપવામાં આવ્યું હતું. જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ની કલમ-૫૬ મુજબ દત્તક વિધાનની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં અનાથ,ત્યજી દેવાયેલા અને સોંપી દેવાયેલા બાળકો તેમજ સ્ટેપ એડોપ્શન અને ફેમેલી એડોપ્શન અંતર્ગત દત્તક વિધાનના નિયમો હેઠળ દત્તક આપવામાં આવે છે. જે અન્વયે મૂળ જામનગર જિલ્લાના જામજોધપુરના રહેવાસી અને હાલ ન્યુ જર્સી યુએસએ ખાતે વસવાટ કરતા અરજદાર કલ્પેશભાઈ માણસુરિયા અને અંજલીબેન કલ્પેશભાઈ માણસુરિયા દ્વારા જામજોધપુર ખાતે રહેતા શિવાંશ ઉદયકુમાર કાંજીયા કે જેઓ સંબંધમાં અંજલીબેનના ભત્રીજા થાય છે જેઓને દત્તક લેવા અંગે ઈન્ટર કન્ટ્રી રીલેટીવ એડોપ્શન અન્વયે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હસ્તકના Central Adoption Resource Authority ની ઓફિસિયલ વેબસાઈટ.https://carings.wcd.gov.in પર ઓનલાઈન અરજી કરવામાં આવી હતી.આ અરજીની જિલ્લા બાળ સુરક્ષા એકમ જામનગર દ્વારા ચકાસણી કરી સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરીટી નવી દિલ્હીને મોકલી આપવામાં આવી હતી. અને ત્યાંથી અરજીની ચકાસણી કરી બાળકને ઈન્ટર કન્ટ્રી રીલેટીવ એડોપ્શન અન્વયે દત્તક આપવા બાબતે મંજુરી આપવામાં આવી હતી. જે અન્વયે કલેક્ટર કેતન ઠક્કર દ્વારા બાળકને તેના માતા-પિતાને સોંપવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.દત્તકવિધાન વેળાએ બાળકને દત્તક લેનાર વાલીઓએ હર્ષભેર જણાવ્યું હતુ કે બાળક દત્તક લેવા અંગે અમે નોંધણી કરી ત્યારથી લઈ અમને બાળક મળ્યુ ત્યા સુધી સ્થાનિક તંત્ર તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા આ




સમગ્ર પ્રક્રિયા દરમિયાન ખૂબ સહકાર આપ્યો. તેમના આ સહકારને કારણે આજે પિતા વિહોણા શિવાંશને માતા પિતા અને પરિવાર મળ્યો છે. આજે દુનિયામાં અનેક એવાં નિરાધાર બાળકો છે કે જેમને વાલીની જરૂર છે જ્યારે અનેક એવાં દંપતી પણ છે કે જેઓ સંતતિ સુખ થી વંચિત છે. ત્યારે આ પ્રકારની મદદ બંને માટે આશીર્વાદરૂપ છે. તેમ જણાવી આવા બાળકોને યોગ્ય વાલી મળે અને ફરી તેનું જીવન મહેકી ઉઠે તે માટે જહેમત ઉઠાવનાર જિલ્લા વહીવટી તંત્ર જામનગરનો આભાર વ્યક્ત કર્યો હતો. દત્તક વિધાન વેળાએ નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.જે.શિયાર, બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ભાવિનભાઈ ભોજાણી તથા સમિતિના સભ્યો તથા કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાનો આજે જન્મદિવસઃ શુભકામનાઓનો વરસાદ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જિલ્લાના ખ્યાતનામ ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાનો આજે જન્મ દિવસ છે. તેમના જીવનપ્રવાહ પર નજર કરીએ તો, કાંતિભાઈએ યુવાનીથી જ સમાજસેવાના ઉદ્દેશ સાથે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ૧૯૭૯ના મચ્છુ પૂરના વિનાશક સમયમાં, માત્ર ૧૭ વર્ષની નાની ઉંમરે તેઓ પીડિતોની સહાયતા માટે સેવા કાર્યમાં જોડાયા હતા. ૨૦૨૨માં મોરબીના ઝૂલતા પુલ દુર્ઘટનામાં પણ ૬૦ વર્ષની ઉંમરે તેમણે જીવની પરવા કર્યા વિના પાણીમાં કૂદી જઈ લોકોને બચાવ્યા હતા, જે તેમની નિઃસ્વાર્થ સેવાભાવનાનું સાક્ષ્ય છે.

કાંતિભાઈ અમૃતિયાનો જન્મ ૮ માર્ચ ૧૯૬૨ના રોજ મોરબી જિલ્લાના જેતપર ગામમાં થયો હતો. તેઓએ મોરબીની વીસી



ટેક્નિકલ હાઈસ્કૂલમાંથી અભ્યાસ પૂર્ણ કર્યો અને ત્યાર બાદ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (અઈટઙ) સાથે જોડાઈ ભ્રષ્ટાચાર વિરોધી નવનિર્માણ ચળવળમાં સક્રિય રહ્યા. રાજકીય જીવનની શરૂઆત આરએસએસના સ્વયંસેવક તરીકે કરી, જ્યાંથી તેઓ ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ્યા. પ્રારંભિક તબક્કે મોરબી નગરપાલિકા અને તાલુકા પંચાયતના સભ્ય તરીકે સેવા આપી, અને સ્થાનિક સ્તરે પાર્ટીને મજબૂત બનાવી.

૧૯૯૫માં તેઓ પ્રથમવાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા, ત્યારથી ૨૦૧૩ સુધી સતત પાંચ ટર્મ માટે મોરબી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું. ૨૦૨૨માં ફરી મોરબી-માળીયા મતવિસ્તારમાંથી વિજય મેળવ્યો અને ધારાસભ્ય તરીકે ફરી જવાબદારી સંભાળી છે. તેઓ ઉદ્યોગ અને ખેતી ક્ષેત્રે પણ કામગીરી કરતા રહે છે.

કાંતિભાઈ અમૃતિયા તેમના સાદા અને સજ્જન સ્વભાવ માટે જાણીતાં છે. જનતાની વચ્ચે રહી તેમના પ્રશ્નો ઉકેલવા માટે તેઓ હંમેશા કાર્યરત રહે છે. તેમના જન્મદિવસે મોરબી જિલ્લાવાસીઓ, શુભેચ્છકો અને કાર્યકરો તેમના દીર્ઘાયુ અને સુખદ જીવનની શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# મોરબીમાં પરિણીતાના આત્મહત્યા કેસમાં પતિને પાંચ વર્ષની કેદઃ સાસુ-સસરા નિર્દોષ જાહેર

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી)ના ખાખરેચી ગામે ૨૦૧૬માં પરિણીતાએ આત્મહત્યા કરવાના કેસમાં મોરબી ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટે ચુકાદો આપ્યો છે. જેમાં પતિને પાંચ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી છે, જ્યારે સાસુ-સસરાને નિર્દોષ જાહેર કર્યા છે.

માળીયા(મી) પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૬માં સવિતાબેન વિરજીભાઈ કાલરીયાએ ફરીયાદ નોંધાવી હતી કે, તેમની પુત્રી પુષ્પાબેનને પતિ જયેશભાઈ પારેજીયા ચારિત્ર્ય અંગે શંકા રાખી ત્રાસ આપતો હતો. સાથે જ સાસુ-સસરા પણ માનસિક અને શારીરિક ત્રાસ આપી મારપીટ કરતા હતા. ત્રાસથી કંટાળીને પુષ્પાબેનએ ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ કેરોસીન છાંટી પોતાની જાત જલાવી આત્મહત્યા કરી લીધી હતી, ત્યારે પરિણીતાને મરવા મજબૂર કરનાર પતિ, સાસુ-સસરા સામે ફરિયાદ



નોંધાવવામાં આવી હતી. ફરીયાદના આધારે ઉપરોક્ત કેસ મોરબી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલી જતા, જેમાં સરકારી વકીલ સંજયભાઈ દવેની કાયદાકીય દલીલો તેમજ લેખિક-મૌખિક પુરાવાને ધ્યાને લઈ મોરબી ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટે આ કેસની સુનાવણી હાથ ધરી હતી. ત્યારે ચુકાદો સંભળાવતાં પતિ જયેશભાઈ પારજીયાને ૫ વર્ષની સખત કેદ અને રૂ.૨૧,૦૦૦/-ના દંડની સજાનો આદેશ કરવામાં આવ્યો છે. જ્યારે સાસુ લલીતાબેન અને સસરા ચંદુભાઈ પારજીયાને આ કેસમાં નિર્દોષ જાહેર કરી મુક્ત કરાયા છે.

# અવધ રેસીડન્સીમાં માતાના પ્રેમીની ધમકીથી કંટાળી પરણિતાએ ઝેરી દવા પી કર્યો આપઘાતનો પ્રયાસ

## પિતાને ઘરેથી કાઢી મૂકી પ્રેમી સાથે રહેતી માતાને સાથે નહી રાખવા સમજાવવા ગયેલી પુત્રી પર હુમલો કર્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ નજીક પાળ પીપળીયા ગામે અવધ રેસીડન્સીમાં બ્લોક નંબર ૧૫૭માં રહેતી અને ઘરકામ કરતી દિક્ષિતાબેન આનંદભાઈ ખારેચાએ કરેલી ફરિયાદમાં માતાના પ્રેમી આદર્શ સોસયટીમા રહેતા સંજય રામભાઈ વાળાનું નામ આપ્યું છે. ફરિયાદમાં દિક્ષિતાબેને જણાવ્યું કે, તેના લગન ને દોઢક વર્ષ થયેલ છે. ગઈ તા.૦૩/૦૩/૨૦૨૫ ના રોજ તે ઘરે હાજર હતી અને પતિ આનંદભાઈ મજુરી કામ થી બહારગામ ગયેલ હોય અને ઘરે એકલી હતી ત્યારે રાત્રીના એકાદ વાગ્યે માતા આશાબેન ચુડાસમા ના પ્રેમી આદર્શ સોસયટી મા રહેતા તેના મિત્ર સંજયભાઈ ઘર પાસે આવેલ અને કહેલ કે તારો ઘરવાળો કયા છે જેથી દિક્ષિતાબેને તે બહારગામ ગયેલ હોવાનું જણાવ્યું હતું. સંજયે કહેલ કે તુ મને ફોનમા કેમ ગાળો આપતી જતી જેથી મે કહેલ કે તમે મારા પતિ ને ફોનમા ગાળો આપતા હતા જેથી મેં ફોન કરેલ હતો જેથી સંજય વાળા એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને દિક્ષિતાબેનને ભુડા બોલી ગાળો આપી ધકકો મારી પછાડી દઈ ઝાપટ અને ઢીકાપાટુનો માર માર્યો હતો. દેકારો થતા પાછળના રૂમમાથી નણંદ સતોષબેન ખારેચા આવી ગયેલ અને તેને છોડાવેલ અને સજય વાળએ મને કહેલ કે તારી માતા આશાબેન મને અહીં મોકલેલ છે, તારા પતિને બોલાવ આજતો તમો બન્ને ને મારી નાખવા છે. ઘટના વખતે બાજુમાથી કાકા રાહુલભાઈ ધીરૂભાઈ ચુડાસમા તથા મામા કમલેશભાઈ સુરેશભાઈ વાઘેલા આવી જતા દિક્ષિતાના પતિ આનદભાઈ ને ફોનથી બનાવની જાણ કરેલ હતી અને સારવાર માટે શાપર સરકારી હોસ્પીટલે સારવાર માટે ખસેડી હતી. આ બનાવનુ કારણ એ છે કે દિક્ષિતાબેનની માતા આશાબેને તેના પતિ બિપીનભાઈને ઘરેથી કાઢી મુકેલ હોય અને મકાન આશાબેનના આશાબેનને વાળા સાથે પ્રેમ સબંધ હોય અને તે સજયને તેના ઘરે સાથે રાખતી હોય દિક્ષિતાએ સજય ને માતા આશાને સાથે રાખવાની ના પાડતી હોય જેનો ઝગડો થયો હતો. આશાબેન તથા સજયભાઈ વાળા સાથે સમાધાનની વાતચીત ચાલતી હતી. જેથી દિક્ષિતાએ પોલીસ ફરીયાદ કરેલ ન હતી. પરંતુ બાદ દિક્ષિતા તેના દાદા ગોપાલભાઈ ચુડાસમાના ઘરે હોય આ સજયે ત્યાં આવી ધમકી આપેલ હોય જેથી દિક્ષિતાએ શાપર બુધ્ધનગરમા દાદાના ઘરે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ પણ કર્યો હતો. આ બનાવ અંગે દિક્ષિતાની ફરિયાદ ને આધારે પોલીસ ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા૧૦ વર્ષ

## રાજયમાં ૧૦ વર્ષમાં અભયમની ટીમ દ્વારા ૧૬૧૬૮૪૪થી વધારે કિસ્સામાં મહિલાઓની મુખ્ય સલાહ, બચાવ અને માગદર્શન પુરૂ પાડ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત રાજ્યની વિશેષતા એ છે કે પ્રત્યેક બાબતમાં આગવી રીતે પહેલ કરી લોકોને સરળતાથી યોજનાઓનો લાભ પહોચાડી શકાય તેવા અનેક સંવેદનશીલ નિર્ણયો લેવામાં આવેલ છે. મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે મહિલા હેલ્પલાઈન ની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને ઋટઊ઼ ઊખછ઼ દ્વારા સંકલિત રીતે ૮ માર્ચ ૨૦૧૫ ને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રાજ્યવ્યાપી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન શરુ કરવામાં આવી હતી.

હાલ ૧૮૧ મહિલા હેલ્પલાઈન હેઠળ ગુજરાત રાજ્યમાં કુલ ૫૯ રેસ્ક્યુવાનનો કાફલો ૨૪૬૭ મહિલાઓની સલામતી અને સુરક્ષાની કામગીરીમાં કાર્યાન્વિત છે

આ ૧૦ વર્ષનાં સમય ગાળામાં ગુજરાત રાજ્યમાંથી ૧૬૧૬૮૪૪ થી વધારે કિસ્સાઓમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, બચાવ, માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું છે. અને ૧૮૧એ અનેક માહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલર જઈ ને ૩૨૪૪૦૧ જેટલા કિસ્સાઓમાં મહિલાને મદદ પુરી પાડેલ છે.

મોરબી જિલ્લામાં એક ૧૮૧રેસ્ક્યુ વાન ટીમ કાર્યરત છે ૧૦ વર્ષ ની સફળ કામગીરી દરમ્યાન ૧૮૧ નઅભયમથ મહિલા હેલ્પ લાઈન દ્વારા મોરબી જિલ્લામાં કુલ ૨૭૮૮૪ જેટલા કિસ્સાઓમાં મહિલાઓ ને જરૂરિયાત મુજબ સલાહ- સુચન, માર્ગદર્શન અને બચાવની મદદ પુરી પાડેલ છે. અને ૧૮૧ નઅભયમથ એ અનેક માહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ૧૮૧ અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલર સહિતની ટિમ ઘટના સ્થળ ઉપર જઈ ને ૬૧૯૩ જેટલી મહિલાઓને મદદ પુરી પાડેલ છે.

વર્ષ ૨૦૨૪માં ૧૮૧ નઅભયમથ મહિલા હેલ્પ લાઈન દ્વારા મોરબી જિલ્લામાં કુલ ૭૮૬ જેટલા કિસ્સાઓમાં મહિલાઓ ને તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલર સહિતની




ટીમ જઈ ને મદદ પુરી પાડેલ છે જેમાંથી કુશળ કાઉન્સિલિંગ દ્વારા ૪૬૯ જેટલા કિસ્સાઓમાં સ્થળ પર જ સમાધાનકારી નિરાકરણ લાવવામાં સફળતા મળેલ તેમજ ૨૨૦ થી વધુ કિસ્સાઓમાં ગંભીર પ્રકારની સમસ્યા જણાતા પીડિતાને આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન,મહિલા સહાયતા કેન્દ્ર,જિલ્લા કાનૂની સેવા સતા મંડળ,ઓ.એસ.સી. વગેરે સંસ્થાઓ સુધી લઈ જઈને ન્યાય અપાવવાના પ્રયત્નો કરવામાં આવેલ તેમજ અન્ય ઘણા કિસ્સાઓમાં પીડિતા ઘર વિહોણા કે અજાણ્યા મળી આવેલ હોય તેવી પીડિતાઓને આશ્રયગૃહમાં આશરો અપાવેલ તેમજ ઘણા કિસ્સાઓમાં કોઈ કારણોસર ઘરેથી નીકળી ગયેલ હોય , ભૂલા પડેલા કે વૃદ્ધ અવસ્થાના કારણે ઘરેથી નીકળી ભૂલા પડેલ હોય તેવા કિસ્સાઓમાં ૧૮૧ ટીમના કુશળ કાઉન્સિલિંગ અને સુજબુજ થી તેઓના પરિવાર સુધી પહોંચાડવાની ઉમદા કામગીરી કરવામાં આવેલ છે.

### ૧૮૧ હેલ્પલાઈનની વિશેષતા

- મહિલાઓ સામે થતી ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા, દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના વખતે તાત્કાલિક બચાવ અને સલાહ-સુચનની કામગીરી હાથ ધરવી અને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ મહિલાને તાત્કાલિક સહાય આપી છે.
- પીડિત મહિલાને ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ અને માર્ગદર્શન પૂરું પાડવું.
- મહિલાલક્ષી વિવિધ સરકારી યોજનાઓની પ્રાથમિક માહિતી પૂરી પાડવી.

# નવી જંત્રીના મુદ્દે સોમવારે કલેક્ટરની ફાઈનલ બેઠક, ૮૫૦થી વધુ વાંધા અરજીની થશે સમીક્ષા

- આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર, રૂડાના ટીપીઓ તથા રાજકોટ શહેર-ગ્રામ્ય કક્ષાની સમિતિના સદસ્યો ઉપસ્થિત રહેશે



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ કલેક્ટર કચેરી ખાતે સોમવારે બપોરે ૩.૩૦ વાગ્યે નવી જંત્રીના મુદ્દે ફાઈનલ બેઠક બોલાવવામાં આવી છે. જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકમાં ૮૫૦થી વધુ વાંધા અરજીઓની સમીક્ષા કરાશે. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર, રૂડાના ટીપીઓ તથા રાજકોટ શહેર-ગ્રામ્ય કક્ષાની સમિતિના સદસ્યો ઉપસ્થિત રહેશે. નવી જંત્રીના મુદ્દે વાંધા અરજીઓની સમીક્ષા બાદ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના વડપણ હેઠળની આ કમિટી દ્વારા આ અંગેનો રિપોર્ટ રાજ્ય સરકારને સોંપવામાં આવશે. તેમજ આ અંગેનો આખરી નિર્ણય પણ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે નવી જંત્રીના દર જાહેર કર્યા બાદ રાજકોટ સહિત રાજ્યભરમાંથી વિરોધનો વંટોળ ઉઠ્યો હતો. નવી જંત્રીના દરમાં તોતિંગ વધારાના વિરોધમાં બિલ્ડર્સ એસોસિએશને ગુજરાતના તમામ જિલ્લાઓમાં કલેકટરને આવેદનપત્ર પાઠવી વિરોધ વ્યક્ત કરાયો હતો.

# રાજકોટમાં મહિલા દિવસની શાનદાર ઉજવણી

## મહિલાઓની સિટી બસમાં નિઃશુલ્ક મુસાફરી, પૂર્વ કોર્પોરેટરે આજે જન્મનાર બાળાઓને સોનાની ચૂંક સહિતની ભેંટ આપી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશમાં આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ મહાપાલિકાનાં પદાધિકારીઓ દ્વારા આજે મનપા સંચાલિત સિટી બસો અને બીઆરટીએસ બસોમાં મહિલાઓ માટે તદ્દન ફ્રીમાં મુસાફરીની ભેંટ આપવામાં આવી છે. જેને લઈ સવારથી શહેરના અલગ-અલગ રૂટો પર મોટા પ્રમાણમાં યુવતિઓ અને મહિલાઓએ મનપાની આ ભેંટનો લાભ ઉઠાવ્યો હતો અને મનપાની આ વ્યવસ્થાની પ્રશંસા કરી હતી. તેમજ આ સિટી બસ સેવાથી રિક્ષા ભાડાનાં રૂપિયાની બચત થતી હોવાનો દાવો કર્યો હતો.

બીજીતરફ જનાના હોસ્પિટલમાં આજે જન્મ લેનાર તમામ બાળકીઓને પૂર્વ કોર્પોરેટર વિજય વાંક દ્વારા સોનાની ચૂંક, ગુલાબનું ફૂલ અને શુદ્ધ ઘી સહિતની ભેંટ આપી મહિલા દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

સિટી બસમાં નિઃશુલ્ક મુસાફરીનો લાભ લેનાર મહિલા જાનવી જોશીએ જણાવ્યું હતું કે, રાજકોટ મનપા દ્વારા આજે મહિલા દિવસ નિમિત્તે બહેનોને ફ્રી મુસાફરીનો લાભ અપાઈ રહ્યો છે, તે ખૂબ સારી બાબત છે. મનપાની આ સુવિધાથી બહેનોને મોટી મદદ મળે છે અને રિક્ષા ભાડાની બચત થાય છે. કોર્પોરેશન દ્વારા મહિલા દિવસ ઉપરાંત રક્ષાબંધન અને ભાઈબીજનાં તહેવારે પણ આ ભેંટ આપવામાં આવે છે. જેનો શહેરની મહિલાઓ મોટી સંખ્યામાં લાભ લે છે. આ સિવાય પણ વિદ્યાર્થીઓ માટે પાસ અને સિનિયર સીટીઝનો માટે કાયમી ફ્રી મુસાફરી આપવામાં આવે છે જે ખરેખર ખૂબ સારી બાબત છે.

રાજકોટની જનાના હોસ્પિટલમાં પૂર્વ કોર્પોરેટર તેમજ સનાતન ધર્મરક્ષક સમિતિનાં પ્રમુખ વિજય વાંક તેમની ટીમ સાથે પહોંચ્યા હતા. આજે જન્મ લેનાર બધી બાળકીઓને સોનાની ચૂંક, ગુલાબનું ફૂલ અને શુદ્ધ ઘી સહિતની ભેંટ આપી મહિલા દિવસની ઉજવણી કરી હતી. વિજય વાંક દ્વારા છેલ્લા ૮ વર્ષથી મહિલા દિવસે જન્મ લેનાર બાળકીઓને આ ભેંટ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે પણ આ ગિફ્ટ આપવામાં આવતા જનાના હોસ્પિટલમાં બાળકીને જન્મ આપનાર



માતા અને તેમના પરિવારમાં ખુશીનો માહોલ જોવાયો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ મનપા દ્વારા મહિલા દિવસ ઉપરાંત રક્ષાબંધન તેમજ ભાઈબીજનાં દિવસે તમામ મહિલાઓને મહાનગરપાલિકા સંચાલિત સિટી બસોમાં નિઃશુલ્ક બસ સેવાનો લાભ આપવામાં આવતો હોય છે. મોટા પ્રમાણમાં મહિલાઓ પણ આ દિવસોમાં સિટી બસનો ઉપયોગ કરતી હોય છે. આજે બપોર સુધીમાં વિવિધ રૂટ પર મળી અંદાજે ૫૦૦ કરતા વધુ મહિલાઓ લાભ લઈ ચુકી છે. અને સાંજ સુધીમાં કદાચ ૧૦૦૦થી વધુ બહેનો આ સુવિધાનો લાભ ઉઠાવશે.

# રાજકોટમાં પ્રથમવાર ક્ષત્રિય સમાજની ઓપન ગુજરાત વોલીબોલ તથા શુટીંગ બોલનાઈટ ટુર્નામેન્ટનું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી અંતર્ગત સૌ પ્રથમ વખત વોલીબોલ તથા શુટીંગ બોલ ટુર્નામેન્ટનું ધમાકેદાર આયોજન સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે કરવામાં આવેલ છે. જેમાં રમતવિરો વચ્ચે જંગ જામશે.

ટુર્નામેન્ટનો ઉદઘાટન સમારોહ આજે સાંજે ૭-૦૦ કલાકે રાખવામાં આવેલ છે જેમાં રાજકીય તથા સામાજીક આગેવાનો ઉપસ્થીત રહેશે. તા. ૯ ના રોજ સેમી ફાઈનલ તથા ફાઈનલ સાથે વિજેતા ટીમોને, ખેલાડીઓને સન્માનીત કરાશે.

ક્ષત્રિય (ગિરાસદાર) સમાજમાં સ્પોર્ટસ એકટીવીટી પ્રત્યે બાળકોથી લઈ યુવાનો સુધી દરેકમાં જાગૃતતા આવે તેવા અભિગમ સાથે રાજકોટ શહેરમાં ઓપન ગુજરાત વોલીબોલ તથા શુટીંગ બોલ ટુર્નામેન્ટ પ્રથમ વખત યોજાશે. ગુજરાતમાં ક્ષત્રિય સમાજની વોલીબોલ ખેલાડીઓની રાજયભરમાંથી ૩૦ થી વધુ ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લેશે. તા. ૮ તથા ૯ માર્ચ બે દિવસીય નાઈટ વોલીબોલ તથા શુટીંગ બોલની આંતરરાષ્ટ્રીય સ્તરની ટુર્નામેન્ટ રાજકોટ શહેરમાં એસ.એ.જી. સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, વિમલ નગર મેઈન રોડ, યુનીર્વસીટી રોડ, રાજકોટ ખાતે રમાશે.

વોલીબોલ તથા શુટીંગ બોલ બંને પ્રથમ દિવસે તા. ૮ શનિવારના રોજ સાાંજે ૭ કલાકે રાજકીય તથા સામાજીક મહાનુભવોના હસ્તે ઉદઘાટન સમારોહ સાથે અલગ અલગ ટીમો વચ્ચે લીગ મેચ રમારો. બીજા દિવસે રવિવારના રોજ સાંજે ૭-૦૦ કલાકે સેમી ફાઈનલ તથા ફાઈનલ મેચ યોજાશે. વિજેતા તથા રનર્સ અપ ટીમોને રોકડ પુરસ્કાર ઉપરાંત શિલ્ડ તથા મોમેન્ટો દ્વારા મહાનુભવોના હાથે સન્માનીત કરાશે. આ ઉપરાંત પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ, બેસ્ટ ડીફેન્ડર, બેસ્ટ શુટર, બેસ્ટ સેટર, બેસ્ટ લીબેરો, બેસ્ટ એટેકર, બેસ્ટ નેટીની પસંદગી થશે અને રમતમાં સર્વોચ્ચ દેખાવ કરનાર આ તમામ રમતવીરોને પણ શિલ્ડ આપી પ્રોત્સાહીત કરાશે. આંતરરાષ્ટ્રીય સ્તરના નિયમો સાથે રેફરીઓની સેવા લેવામાં આવશે અને સીલેકશન થશે.

ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલની ટીમ કાર્યવાહક સમિતિના સભ્યો દ્વારા તડામાર તૈયારી સાથે ટુર્નામેન્ટને આખરીહ ઓપ આપવામાં આવી રહયો છે. તા. ૮ ના રોજ સાંજે ૭-૦૦ કલાકે યોજાનાર ઉદઘાટન સમારોહમાં ક્ષત્રિય સમાજના સામાજીક તથા રાજકીય મહાનુભવો તેમજ સમાજના યુવાનો, ભાઈઓ, વડીલો બહોળી સંખ્યામાં ઉપસ્થીત રહે તેમજ




બે દિવસીય નાઈટ ટુર્નામેન્ટ નિહાળવા તથા સમાજના રમતવીરોને પ્રોત્સાહીત કરવા માટે ખાસ ઉપસ્થીત રહેવા માટે સંસ્થાની કાર્યવાહક સમિતિ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા રાજદીપસિંહ જાડેજા, દુષ્યંતસિંહ જાડેજા, તીર્થરાજ સિંહ ગોહિલ, રાજદીપસિંહ રાણા, જયદેવસિંહ જાડેજા,મયુર સિંહ પરમાર તેમજ ચંદુભા જાડેજા જેહેમત ઉઠાવી રહ્યા છે

# પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજરે રાજકોટ અને ભાવનગર ડિવિઝનના સાંસદો સાથેની બેઠકમાં વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્રએ રાજકોટ અને ભાવનગર ડિવિઝન હેઠળ આવતા સંસદીય મતવિસ્તારના માનનીય સાંસદો સાથે રાજકોટમાં બેઠક યોજી હતી. સૌ પ્રથમ, જનરલ મેનેજર મિશ્રએ સાંસદોનું સ્વાગત કર્યુ અને તેમને રાજકોટ અને ભાવનગર ડિવિઝનમાં નવીનતમ યાત્રી સુવિધાઓ અને સિદ્ધિઓ વિશે માહિતી આપી. બેઠક દરમિયાન, સાંસદોએ તેમના વિસ્તારોની રેલવે સમસ્યાઓ, પ્રોજેક્ટ્સ, ટ્રેન સ્ટોપેજ, નવી ટ્રેનો દોડાવવા, ટ્રેનોનું વિસ્તરણ, ટ્રેનોની ફ્રિકવન્સી વધારવા અને માળખાગત પ્રોજેક્ટ્સ સંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી અને મૂલ્યવાન સૂચનો આપ્યા. આ બેઠકમાં રાજકોટ અને ભાવનગર વિભાગીય ક્ષેત્રાધિકારના કુલ ૫ માનનીય સાંસદોએ ભાગ લીધો હતો, જેમાં



પુરુષોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, કેસરીદેવસિંહ ઝાલા, રાજેશભાઈ ચુડાસમા અને શ ભરતભાઈ સુતરિયાનો સમાવેશ થતો હતો. સાંસદ શ પૂનમબેન માડમ અને માનનીય સાંસદ ચંદુભાઈ શિહોરાના પ્રતિનિધિઓ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમાર, ભાવનગર ડિવિઝનલ રેલ્વે મેનેજર રવિશ કુમાર અને પશ્ચિમ રેલ્વેના ઘણા વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડેપ્યુટી જનરલ મેનેજર (જનરલ) ઉજ્જવલ દેવ દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન, જનરલ મેનેજર મિશ્રએ સાંસદોને હાલમાં ચાલી રહેલા વિવિધ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ વિશે માહિતગાર કર્યા અને કહ્યું કે પશ્ચિમ રેલ્વે હંમેશા તેના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ મુસાફરોની સુવિધાઓ પૂરી પાડવામાં અગ્રેસર રહ્યું છે. માનનીય સાંસદોએ પણ પોતાની માંગણીઓ રજૂ કરી અને આ મંડળોમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સની સકારાત્મક પ્રગતિ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો.

# નિવૃત્ત આર્મીમેનને સાથે ડિસ્મીસ્ડ લેફ્ટનન્ટ કર્નલે કરી રૂા. ૧૧.૪૦ લાખની ઠગાઈ

- રાજકોટના તાલુકા પોલીસ મથકમાં નોંધાઈ છેતરપીંડીની ફરિયાદ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

મવડીમાં ડ્રિમલેન્ડ એપાર્ટમેન્ટમાં રહેતા નિવૃત આર્મીમેન હિતેશકુમાર વ્રજલાલ મુંગરા ઉ.૩૮એ ૧૧.૪૦ લાખની છેતરપિંડી અંગે પૂણેના ભારતીય સેનાના પૂર્વ કમાન્ડર લેફટનન્ટ કર્નલ ધનાજીરાવ શીવાજીરાવ પાટીલ સામે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે હું ૨૦૦૩માં ભારતીય સેનામાં ભરતી થયેલ અને ૨૦૨૦માં નિવૃત થયો છુ છેલ્લુ પોસ્ટીંગ નાસીક હતુ અને ત્યાં કંપની કમાન્ડર લેફ્ટનન્ટ કર્નલ મહારાષ્ટ્રના ધનાજીરાવ પાટીલ હોવાથી હું ઓળખુ છું જુલાઈ-૨૦૨૦મા મને ધનાજીરાવે ફોન કરી જણાવેલ કે તમારા રીટાયરર્મેન્ટ પછી જે પૈસા આવવાના છે તે પૈસા તુ મને આપ જે પૈસા હું સારી જગ્યાએ રોકાણ કરીશ અને દર મહીને ૮ ટકા વળતર ૩૦ મહિના સુધી આપીશ અને દર ત્રણ મહીને અમુક ટકા રકમ પણ આપતો જઈશ મને વિશ્વાસ આવતા સપ્ટેમ્બર ૨૦૨૦થી ડીસેમ્બર ૨૦૨૦ સુધીમાં કુલ ૩૮ લાખ જમા કરાવેલ હતા દરમીયાન ગત ૦૧/૧૧/૨૦ના રોજ બેંગ્લોરના તુમકુર ખાતે તેની કંપનીમાં નોકરીની ઓફર કરતા હું ત્યાં નોકરી ગયેલ મને ત્યાં ૩૫,૦૦૦ પગારની ઓફર કરેલ હતી અને એપ્રીલ-૨૦૨૨ સુધી નોકરી કરેલ બાદ પૈસા પરત માંગતા મને જુન-૨૦૨૧માં ૧૭ લાખ પરત આપેલા હતા ફરી મારા બાકી નીકળતા ૨૧ લાખ માંગતા મને કહેલ કે મારે મારી દીકરીને વિદેશ મોકલવાની છે અને હાલ મારી પાસે પૈસા નથી જેથી તમે ૩ લાખ આપો હું થોડા સમયમાં પરત આપી દઈશ તેમજ અગાઉના બાકી ૨૧ લાખ પણ પરત આપી દઈશ જેથી મે ૩ લાખ આપ્યા હતા બાદ ઉઘરાણી કરતા તેલંગણાનો ૧૨.૬૦ લાખનો પ્લોટ મારા નામે કરી આપ્યા હતા બાકી નીકળતા ૧૧.૪૦ લાખ આપતા ન હોય અંતે ફરીયાદ નોંધાવી હતી તપાસ કરતા આર્મી હેડ કવાટર દિલ્હી ખાતે ઓગસ્ટ-૨૦૨૨માં ફરીયાદ કરી હતી જે ફરીયાદ સાબીત થતા તા-૧૯/૦૫/૨૦૨૩ના ભારતીય સેનામાંથી ડીસમીસ કરવામા આવેલ હતા.

# સગાઈ તોડાવવા શખ્સે યુવતીનું ઈન્સ્ટામાં બોગસ આઈડી બનાવી મેસેજ કર્યાઃ સાયરબ કાઈમમાં ફરિયાદ

- સુરેન્દ્રનગર સોમાસર ગામના શખ્સને ઝડપી તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં રહેતી યુવતિની તાજેતરમાં થયેલ સગાઈ તોડવા તથા સમાજમાં બદનામ કરવા સુરેન્દ્રનગર જીલ્લાના શખસે ઈન્સ્ટાગ્રામ પર બોગસ આઈડી બનાવી સગા-સંબંધીઓને મેસેજ કર્યા હોવાની સાયબર કાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.

વધુ વિગતો મુજબ,૮૦ ફુટ રોડ પરના વિસ્તારમાં રહેતી કોલેજીયન યુવતિએ સાયબર કાઈમ પોલીસમાં સોમાસર ગામના યોગરાજ માનશીભાઈ ખાચર સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૧૫ના મારા સાસુનો મારી માતા પર ફોન આવ્યો અને કહ્યું કે કોઈ અજાણ્યા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ એકતાબા ૦૭ માંથી તમારી દિકરીના નામે મારા દિકરાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં મેસેજ આવ્યો જેમાં લખ્યું હતું કે એન્ડ એને પણ મારાથી વધારે કોઈ નથી આતો પરિવારની ખુશી માટે તમારી હારે સગાઈ કરી લીધી બાકી ઈ આગળ જઈને પણ મારી હારે કોન્ટેકમાં જ રહેશે તેવા મેસેજો આવ્યા હતા. જેના સિસ્કોનશોટ મારા સાસુએ ભાઈને મોકલેલ હતા.બાદ મારા માસિયાયભાઈ તેમજ મારા મામાના દિકરાને પણ ઉપરોકત એકાઉન્ટમાંથી મેસેજ આવ્યા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે યોગરાજ માનસીભાઈ ખાચર(રહે. સોમસર ગામ સુરેન્દ્રનગર)નામના શખસ સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# પ્રાદેશિક કચેરી આઈ.સી.ડી.એસ. શાખા રાજકોટ દ્વારા પોષણ ઉત્સવ - ૨૦૨૪ ની ઉજવણી કરાઈ

- ઝોન કક્ષાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને સન્માનિત કરયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહિલા અને બાળ વિકાસ વિભાગ, રાજકોટની પ્રાદેશિક કચેરી આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા નસ્ર્રપોષણ ઉત્સવ - ૨૦૨૪ ની ઉજવણી કરવામાં આવી હતી.



આ કાર્યક્રમ વિભાગીય નાયબ નિયામક, રાજકોટ ઝોનના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યો હતો. નસ્ર્રપોષણ ઉત્સવ - ૨૦૨૪ ની ઉજવણીનો હેતુ પોષણનું મૂલ્ય સમજાવવા, મિલેટ્સ, ટેક હોમ રાશન તેમજ સરગવામાંથી બનતી વિવિધ વાનગીઓ વિષે જાગૃતિ ફેલાવવાનો હતો. જેમાં રાજકોટ ઝોનના કુલ ૧૨ જિલ્લા તેમજ કોર્પોરેશનમાંથી જિલ્લા કક્ષાના પ્રથમ ત્રણ વિજેતા મિલેટ તેમજ ટેક હોમ રાશન(ઝઈછ) માંથી વિવિધ વાનગીનું પ્રદર્શન કર્યું હતું. ઝોન કક્ષાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કાર્યક્રમમાં વિવિધ નિષ્ણાતો દ્વારા મિલેટ્સ તેમજ ટેક હોમ રાશનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ કામગીરી કરતી આંગણવાડીના કાર્યકર તેમજ વાલીઓના અનુભવો બધા સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# રાજકોટ શહેર-જીલ્લાની ૭૦ હજાર કેસોની મેગા લોક અદાલત યોજાઈ

## ઈ-મેમોના કેસોમાં મોટી રકમની વસુલાતઃ રાજકોટ ઉપરાંત જીલ્લાના દરેક તાલુકા સ્થળોએ લોક અદાલત દ્વારા ઝડપી ન્યાય આપી કેસોનો નિકાલ કરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળના માર્ગદર્શન હેઠળ રાજકોટ તાલુકા શહેર જીલ્લાની લોક અદાલત યોજાઈ હતી. જેમાં ૭૦ હજાર જેટલા કેસો નિકાલ અર્થે મુકાયા હતા. આજે યોજાયેલ આ મેગા લોક અદાલતનું સવારે ૧૦.૩૦ કલાકે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય સેસન્સ જજશ્રી સિંઘ તથા અન્ય એડીશ્નલ સેસન્સ જજો સહિતના ન્યાયાધીશો રાજકોટ બાર એશો.ના હોદેદારો, વિમા કંપની, મ્યુનિ. કોર્પોરેશન તેમજ વિવિધ સંલગ્ન ખાતાના જીઈબી સહીતના સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

આ લોક અદાલતમાં પ્રથમ બપોર સુધીમાં ૩૫ ટકા કેસોનો નિકાલ કરાયો હતો. અકસ્માત ઈજા-મૃત્યુના કેસોમાં કરોડોની રકમના એવોર્ડ મંજુર કરાયા હતા. તો બીજી બાજુ બેંક, સિવિલ, જીઈબી, મ્યુનિ. કોર્પોરેશન સહિતની એજન્સીઓના લેણાના કેસોમાં લાખો રકમની રીકવરી કરવામાં આવી હતી. જયારે ઈ-મેમાના ટ્રાફીક અંગેના કેસોમાં પણ મોટી રકમની વસુલાત થયાનું જાણવા મળે છે.

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ ધ્વારા આજે તા. ૦૮/૦૩/૨૦૨૫ ના રોજ રાજકોટ જીલ્લાની રાજકોટ જીલ્લા મથકે તથા તાલુકા મથકે આવેલ તમામ અદાલતોમાં મેગા લોક-અદાલતનું આયોજન કરવામાં આવે છે. સદર લોક-અદાલતમા દાખલ થયેલ તથા અદાલતમાં કેસ દાખલ થાય તે પહેલાં (પ્રીલીટીગેશન) કેસો હાથ પર લેવામાં આવે. સદર લોક-અદાલતમાં (૧) ફોજદારી સમાધાન લાયક કેસો, (૨) નેગોશીએબલ એકટની કલમ-૧૩૮ (ચેક રીટર્ન અંગેના કેસો) હેઠળના કેસો (૩) બેન્ક લેણા ના કેસો (૪) મોટર અકસ્માત વળતરને લગતા કેસો (૫) લગ્નવિષયક કેસો (૬) મજુર અદાલતના કેસો (૭) જમીન સંપાદન ને લગતા કેસો (૮) ઈલેક્ટ્રીસીટી તથા પાણીના બીલોને લગતા કેસો (૯) રેવન્યુ કેસીસ (૧૦) દિવાની પ્રકારના કેસો ( ભાડા, સુખાધિકારના કેસો, મનાઈ હુકમના દાવા, કરાર પાલનના દાવા) (૧૦) અન્ય સમાધાન લાયક કેસો મુકવામાં આવેલ.




લોક અદાલત પહેલાં લોક અદાલતની તૈયારીન ભાગરુપે રાજકોટ બાર એસોશીએશનના સાથ અને સહકારથી જુદી જુદી મીટીંગો યોજી, પ્રિ-સીટીંગનું આયોજન કરી પક્ષકારોને સમાધાન અંગે નજીક લાવવા માટે લગભગ છેલ્લા ત્રણ મહીનાથી પ્રયત્ન કરવામાં આવી રહેલ. જેના ભાગરુપે આજે યોજાવેલ લોક અદાલતમાં તમામ કેટેગરીના મળી કુલ ૭૦,૦૦૦ થી વધુ કેસો હાથ પર લેવામાં આવેલ હતો. લોક-અદાલતમાં પક્ષકારો પોતાનો કેસ મુકી સમાધાનથી નિર્ણિત કરવામાં આવે તો બન્ને પક્ષકારોને લાભ કર્તા છે, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાનથી કેસનો નિકાલ થાય છે તથા કોઈનો વિજય નહી તેમજ કોઈ નો પરાય નહી તેવી પરીસ્થિતી ઉદભવે છે અને તે કારણસર પક્ષકારો વિવાદ મુકત બને છે.

# રાજકોટનો શખ્સ રિવોલ્વર અને કાર્ટિસ સાથે ટંકારામાં ઝડપાયો

■ લાઈસેન્સ રાજકોટ શહેર પૂરતું મર્યાદિત હોવાનું ખુલતા ટંકારા પોલીસે ગુનો નોંધ્યા



**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા પોલીસે વાહન ચેકિંગ દરમિયાન મોરબીથી રાજકોટ જતી એક કારમાંથી રિવોલ્વર અને કાર્ટિજ જપ્ત કર્યા છે. બાતમીના આધારે પોલીસે કારને રોકીને તપાસ કરી હતી. કારમાં બે વ્યક્તિઓ હતા. ડ્રાઈવિંગ સીટ પર રાજકોટના સુનિલ પરષોતમભાઈ રાણપરિયા (ઉ.૪૪) અને તેમની બાજુમાં દુર્ગેશભાઈ કાંતીભાઈ સગપરીયા (૩૫) બેઠા હતા. દુર્ગેશભાઈ પાસેથી એક રિવોલ્વર મળી આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે દુર્ગેશભાઈ પાસે રિવોલ્વરનો લાઈસન્સ છે, પરંતુ આ લાઈસન્સ માત્ર રાજકોટ શહેર પૂરતો મર્યાદિત છે. આ નિયમનો ભંગ કરીને તેઓ હથિયાર લઈને મોરબી જિલ્લામાં આવ્યા હતા. પોલીસે ૧૦ હજારની કિંમતની રિવોલ્વર અને ૫૦૦ રૂપિયાની કિંમતના ૫ જીવંત કાર્ટિજ જપ્ત કર્યા છે. કુલ ૧૦,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આરોપીએ રાજકોટ પોલીસ કમિશનરના હથિયાર પરવાનાનો અને મોરબી જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કર્યો છે. ટંકારા પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# સોપારી લઈ હત્યા કરનાર બેલડીને હનુમાન મઢી પાસેથી ક્રાઈમ બ્રાંચે દબોચી લીધા

## જામીન ઉપર છૂટી રખડતા શખ્સો રાજકોટ ફરવા આવ્યા હતાઃ લીંબડી મર્ડરના ગૂનામાં છૂટી, બનાસકાંઠામાં હત્યા, ૩ ATM તોડી ૩૦ લાખની ચોરીઃ સવા બે વર્ષમાં ભરૂચ અને મહારાષ્ટ્રમાં પણ ગુના આચર્યા : બંને સામે છ ગુના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમી આધારે રૈયા રોડ ઉપરથી કુખ્યાત બેલડીને ગેરકાયદે હથિયાર સાથે દબોચી લીધી છે બેલડી પૈકી એક આરોપી લીંબડીના ગુનામાં જામીન મૂક્ત થયા બાદ બીજા આરોપી સાથે મળી બનાસકાંઠામાં હત્યાને તેમજ ભરૂચમાં બે એટીએમ અને મહારાષ્ટ્રમાં એક એટીએમ તોડી ૨૯,૭૫,૭૦૦ની ચોરી કરી હોવાની અને ઉપરોક્ત ચારેય ગુનામાં ફરાર - હોવાની કબુલાત આપતા પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી. રાજકોટ ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ - આર ગોંડલીયા, ડામોર સહિતના - માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં - હતી દરમિયાન સ્ટાફને બાતમી મળી -હતી કે બે શખ્સો હથિયાર સાથે રૈયા રોડ હનુમાન મઢી ચોક પાસે શંકાસ્પદ હાલતમાં ઉભા છે. આ બાતમી આધારે સ્ટાફે વોચ ગોઠવી મૂળ લીંબડીના ધર્મેશ અંબારામભાઈ ઝેઝરીયા ઉ.૨૫ અને મૂળ મહારાષ્ટ્ર હાલ જલગાંવ રહેતા સમાધાન આનંદસિંગ ગીરાસે ઉ.૨૭ને સકંજામાં લઈ જડતી લેતા તેની પાસેથી ૨૫ હજારની દેશી બનાવટની પિસ્ટલ મળી આવતા બંનેની ધરપકડ કરી હથિયાર, ૨૦ હજારના બે ફોન કબજે કર્યા હતા.

પ્રાથમિક પુછતાછમાં ધર્મેશે ૨૦૨૧માં લીબડીમાં હત્યાને અંજામ આપ્યો હોય તે ગુનામાં સુરત જેલમાં ગયો હતો. ત્યાંથી જામીન મેળવી ભાગી ગયો હતો તે પછી તેણે બનાસકાંઠાના માવસરી પોલીસ મથક વિસ્તારમાં



માભાઈ પટેલની હત્યાને અંજામ આપ્યો હતો તે પછી બેલડીએ ભરૂચમાં બે એટીએમ તોડી ૩.૫૨ લાખ અને મહારાષ્ટ્રના નંદુરબારમાં એટીએમ તોડી ૨૬,૨૩,૭૦૦ની ચોરીના ગુનાને અંજામ આપ્યા હતા. હત્યા અને બે ચોરી કરી રખડતી બેલડી કંટાળીને રાજકોટ આવતા જ દબોચી લીધી હતી. ધર્મેશ સામે એક ગુનો, સમાધાન સામે ૫ ગુના નોંધાઈ ચુક્યા છે.

# વિરપુર આવી વિવાદીત સ્વામીએ ગુપચુપ માંફી માંગી પાછલા દરવાજેથી ભાગ્યા

## પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત, કોઈને ભાળ પણ નહીં લાગતા રઘુવંશી સમાજ અને ભાવિકોમાં ઉગ્ર રોષ ફેલાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જલારામ બાપા વિશે વિવાદિત ટિપ્પણી કરીને પછી વિવાદ વકરતા સ્વામિનારાયણ સંપ્રદાયના કથિત સ્વામી જ્ઞાનપ્રકાશ અંતે ઘૂંટણીએ પડી શુક્રવારે સ્વામીને વીરપુર ગાદી સમક્ષ માફી માંગવા લઈ અવાયા હતા. સ્વામી વિરુદ્ધ વ્યાપક લોકરોષ જોતા પોલીસ રક્ષણ હેઠળ વીરપુર લવાયેલા સ્વામીની સુરક્ષા માટે ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જો કે સ્વામીની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ખુદ પોલીસે જ કાયદાનો ભંગ કર્યો હોય એવા દશ્યો સામે આવતા વિવાદ નિવારણ બાદ વધુ એક વિવાદ પોલીસ વિભાગ સમક્ષ મોઢું ફાડીને ઉભો થાય એવી શક્યતા સેવાઈ રહી છે. કાર ચાલકોને સીટ





બેલ્ટ કે પછી બ્લેક ફિલ્મ માટે દંડ ફટકારતી પોલીસ ખુદ કાળા કાચવાળી સ્કોર્પિયોમાં લઈને વીરપુર પહોંચી હતી. આ ખરેખર કાયદા વિરુદ્ધની સ્થિતિ છે. પોલીસ આ માટે સુરક્ષાનું બહાનું આગળ ધરે તો પણ એ આદર્શ સ્થિતિ નથી. બીજું કે જે કાળા કાચવાળી સ્કોર્પિયોમાં સ્વામીને લઈ આવ્યા હતા એમાં નંબર પ્લેટ પણ ન હોવાનું મળેલી તસવીરો પરથી ફલિત થાય છે. સ્વામીને સુરક્ષા આપવાના ચક્કરમાં રહેલી પોલીસે ખુદ કાયદાની ધજ્જીયા ઉડાવી હતી. કરોડો લોકોના આરાધ્ય એવા જલારામ બાપાના ભક્તોની આટલી જ તકેદારી લેવામાં ન આવતા જલારામ બાપાના ભક્તોમાં નવેસરથી રોષની લાગણી ફેલાઈ છે.સુરતના અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામી દ્વારા વિશ્વ પ્રખ્યાત અને કરોડો શ્રદ્ધાળુઓના આસ્થાના પ્રતિક વિરપુરમાં જલારામ બાપા વિશે વિવાદિત ટીપ્પણી કરતા વિવાદ છેડાયો હતો અને રઘુવંશી સમાજમાં રોષ ફેલાયો હતો અને વિરપુર આવી માફી માંગે તેવી માંગ કરવામાં આવી હતી. જ્ઞાનપ્રકાશ સ્વામી વિરપુર આવ્યા હતા અને પાછલા બારણેથી જ પ્રવેશ કરી નિકળી ગયા હતા. જેથી ભાવિકોમાં વધુ રોષ ફેલાયો છે.

# માંધાતા સોસાયટીમાં પ્રૌઢે ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

■ જુદા-જુદા ત્રણ સ્થળે સગીર સહિત ત્રણે જવલનશીલ પ્રવાહી પી લેતા સારવારમાં ખસેડાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

નવાગામ વિસ્તારમાં આવેલ માંધાતા સોસાયટીમા રહેતા પ્રૌઢે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રૌઢનાં મોતથી પરીવારમા ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ નવાગામમા આવેલ માંધાતા સોસાયટીમા રહેતા મુકેશભાઈ સામતભાઈ કુમારખાણીયા (ઉ.વ.૪૫) પોતાનાં ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો . મૃતક પ્રૌઢને સંતાનમા બે પુત્ર અને ૩ પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે.

અન્ય બનાવમા જુદા જુદા ૩ સ્થળે સગીર સહીત ત્રણએ જવલનશીલ પ્રવાહી પી લીધુ હતુ જેમા ઠક્કરબાપા હરીજનવાસમાં રહેતા વિરાજ રામભાઈ લઢેર (ઉ.વ.૧૭) એ ફીનાઈલ, રૈયાધાર ઈન્દીરાનગરનાં ચંદ્રેશ દીલીપભાઈ પરમાર (ઉ.વ. ૧૯) એ એસીડ અને મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા રંજનબેન શંકરભાઈ મકવાણા (ઉ.વ. ૪૫) એ ફીનાઈલ પી લીધુ હતુ. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રીબડા પાસે આશાસ્પદ યુવાનનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત

**મુખ્ય સમાચાર, ગોંડલ**

રીબડા ફાટક પાસે પસાર થઈ રહેલી ટ્રેન હેઠળ મોટાદેવળીયાનાં યુવાને પડતુ મુકી આત્મહત્યા કરી હતી. મૃતક યુવાન પરીવાર નો એકનોએક પુત્ર અને આધારસ્તંભ હતો.આઠ મહીના પહેલા તેની સગાઈ થઈ હતી. અને દિવાળી એ લગ્ન લેવાનાં હતા. મૃતક રાજકોટ કારખાનામાં નોકરી કરતો હતો.આશાસ્પદ યુવાન નાં અકાળે મોત થી પરીવાર શોકમગ્ર બન્યો હતો.

બનાવ ની પ્રાપ્ત વિગત મુજબ બપોર નાં સમયે જબલપુર થી સોમનાથ જઈ રહેલી ૧૧૪૬૪ નંબરની ટ્રેન રીબડા સ્ટેશને ક્રોસીંગ કરી ગોંડલ તરફ આગળ ધપી રહી હતી ત્યારે રીબડા ફાટક પાસે બાબરા તાલુકા નાં મોટા દેવળીયા રહેતા જયેશભાઈ કાંતિભાઈ સોરઠીયા



ઉ.૨૨ એ ટ્રેન નીચે પડતુ મુકતા તેનુ કમકમાટીભર્યું મોત નિપજ્યુ હતુ. બનાવ અંગે જાણ થતા એમ્બ્યુલન્સમાં મૃતદેહ ને પીએમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો. મૃતક નાં પરીવાર માં માતા પિતા અને એક બહેન છે. પોતે એકમાત્ર પુત્ર હતો.

બનાવ ની કરુણતા એ કહેવાય કે જયેશભાઈ ની સગાઈ આઠ માસ પહેલા અમરેલી નાં સાકળીયા ગામે થઈ હતી.અને દિવાળી બાદ લગ્ન હતા. પરંતુ એ પહેલાજ જયેશભાઈ એ કોઈ અગમ્ય કારણોસર જયેશભાઈ એ ટ્રેન હેઠળ પડતુ મુકી જીવનનો અંત આણતા પરીવાર માથે આભ ફાટયા જેવી સ્થિતી સરજાઈ હતી. મૃતક જયેશભાઈ રાજકોટ સોલવન્ટ ફાટક પાસે આવેલા કારખાનામાં કામ કરતો હતો. બપોરે કારખાનાં માલિક ખુશાલભાઈ સોરઠીયાને જમીને આવુ તેવુ કહી બાઈક લઈ રીબડા પંહોચ્યો હતો.અને બાઈક અરડોઈ જવાનાં રસ્તે રાખી ટ્રેન હેઠળ પડતુ મુક્યુ હતુ.

બનાવ ની જાણ ગોંડલ તાલુકા પોલીસ ને થતા પીએસઆઈ આર.આર.સોલંકી સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી જઈ બાઈક કબ્જે કરી તપાસ હાથ ધરી હતી.

# લક્ષ્મીના ઢોળે માતાએ કોમ્પ્યુટર કલાસમાં જવા મુદ્દે ઠપકો આપતા તરૂણે ઝેરી પાવડર ખાધો

કાલાવડ રોડ પર મોટા મવા વિસ્તારમાં આવેલ લક્ષ્મીનાં ઢોળે રહેતો અને ધો ૧૦ પાસ ૧૭વર્ષનો સગીર કોમ્પ્યુટરનાં કલાસમા મોડો જતો હતો જેથી માતાએ ઠપકો આપતા પુત્રને માઠુ લાગી આવતા ઝેરી પાવડર પી લીધો હતો. સગીરને ઝેરી અસર થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ શહેરમા કાલાવડ રોડ પર મોટા મવા વિસ્તારમાં આવેલ લક્ષ્મીનાં ઢોળે રહેતો અને ધો ૧૦ પાસ દર્શન અશોકભાઈ મારુ નામનો ૧૭ વર્ષનો સગીર પોતાના ઘરે હતો ત્યારે સાંજનાં છએક વાગ્યાનાં અરસામા ઝેરી પાવડર પી લીધો હતો. સગીરને ઝેરી અસર થતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યો હતો. પ્રાથમીક પુછપરછમાં દર્શન મારુ બે ભાઈ એક બહેનમાં વચેટ છે. અને ધો ૧૦ પાસે છે . હાલ દર્શન મારુ કોમ્પ્યુટરનાં કલાસ કરે છે અને કલાસમા મોડો જતો હોવાથી માતાએ ઠપકો આપતા ઝેરી પાવડર પી લીધો હોવાનુ જાણવા મળી રહયુ છે. આ બનાવ અંગે યુનીવર્સીટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મેઘમાયાનગરમાં કપડાં સુકવતી પરણિતા પહેલા માળેથી પટકાતાં મોત

## વામ્બે આવાસ કવાર્ટરના યુવાને ફિનાઈલ પી લેતાં તબિયત લથડી

શહેરના મેઘમાયાનગરમાં કપડા સુકવતી વેળાએ પહેલા માળેથી પટકાતા મહીલાનું ગંભીર ઈજા થતા મોત નીપજયું છે. જયારે વામ્બે આવાસ કવાર્ટરમાં યુવાને ફિનાઈલ ગટગટાવી લેતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો છે. જાણવા મળતી વિગત મુજબ રાજનગર ચોક પાસે આવેલા મેઘમાયાનગર શેરી નં.૪માં રહેતા ગીતાબેન હકાભાઈ ગાંગીયા (ઉ.વ.૩૨) નામના મહીલા સવારે પોતાના ઘરે પહેલા માળે કપડા સુકવતા હતા ત્યારે અકસ્માતે પહેલા માળેથી પટકાતા તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા હતા. જયાં ટુંકી સારવાર દરમિયાન તેમનું મોત નિપજયું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી માલવીયાનગર પોલીસને જાણ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક મહિલાના લગ્ન ૧૦ વર્ષ પહેલા થયા હોવાનું અને પતિ રીક્ષાચાલક હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. બીજા બનાવમાં કાલાવડ રોડ પર વામ્બે આવાસ કવાર્ટરમાં રહેતા તુષાર અનીલભાઈ ચુડાસમા (ઉ.વ.૨૦) નામના યુવાને આજે સવારે પોતાના ઘરે કોઈ કારણસર ફીનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો છે.

# એરપોર્ટ કર્મચારીને પત્નીને માસિક ૪૦ હજાર ખાધા ખોરાકી ચૂકવવા કોર્ટનો હુકમ

## મેઘમાયાનગરમાં સંતાન સુખ આપી ન શક્તા સાસરીયા દ્વારા માનસિક ત્રાસ આપતા કાઢી મૂક્યાંની પરિણીતાએ ફરિયાદ કરી તી

શહેરના મેઘમાયાનગર વિસ્તારની પરણીતા સંતાન સુખ આપી ન શકતા સાસરીયા દ્વારા માનસિક ત્રાસ આપતા પહેરેલ કપડે કાઢી મુકતા પત્નીએ પોતાનું જીવન નિર્વા ચલાવવા માટે કરેલી ભરણ પોષણની અરજી અદાલતે મંજૂર કરી હિરાસર એરપોર્ટમાં નોકરી કરતા પતિએ માસિક ૪૦,૦૦૦ ચૂકવવા હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ શહેરના મેઘમાયા નગર વિસ્તારમાં રહેતા મહેશભાઈ નામના યુવાન સાથે વર્ષ ૨૦૦૦ માં જોસનાબેન નામની યુવતી સાથે લગ્ન થયા હતા બાદ લગ્ન જીવનથી સંતાન સુખ પ્રાપ્ત ન થતા પરિવારજનો દ્વારા પરણીતા જોસનાબેન ને અવારનવાર ત્રાસ આપતા હોવાથી અને પત્ની જોસનાબેનને ઘરમાંથી કાઢી મૂક્યા હતા બાદ પત્ની જોસનાબેને પોતાનું જીવન નિર્વાહ ચલાવવા ભરણપોષણની માંગ કરતી અરજી કરી હતી સદર કામ કોર્ટમાં ચાલી જતાં બને પક્ષોના પુરાવાઓ રેકર્ડ પર આવતા પરણિતાના પતિ એરપોર્ટ ઓથોરીટી હીરાસર એરપોર્ટ ખાતે આસીસ્ટન્ટ સીવીલ એન્જીનીયર્સ(એએઆઈ) તરીકે નોકરી કરીને ગ્રોસ માસીક પગાર રકમ રૂા.૧,૬૧,૦૫૯.૨૦ /-મેળવતા હોવાનું રેકર્ડ પર પગાર સ્લીપ ધ્યાને લઈને આવતા અને પરણિતાના વકીલ અજયસિંહ એમ. ચૌહાણએ વિગતવાર દલીલોને તથા ઉચ્ચ અદાલતોએ આપેલા ચુકાદાઓની વિગતવાર છણાવટ કરી હતી. અદાલતે ચુકાદાઓ ધ્યાને લઈને અરજદારની અરજી મંજુર કરી પત્નીને માસીક રકમ રૂા.૪૦,૦૦૦ પતિએ ભરણપોષણ ચુકવવા તેવો આદેશ કરેલો છે, અરજી ખર્ચના રૂા.૨,૫૦૦/- અલગથી મંજુર કરેલ હતો. આ રકમ અરજીની દાખલ તારીખથી એટલે કે તા.૨૧/૦૬/૨૦૨૩ થી પતિએ ચુકવવા તેવો પતિને હુકમ ફરમાવેલ હતો જે હુકમ મુજબ પરણિતા પતિ પાસેથી રૂ.૮ લાખ પુરા વસુલવા મેળવવા હકકદાર બનેલ છે.આ કેસમાં પરિણીતા વતી રાજકોટના લગ્ન વિષયક કાયદાના નિષ્ણાંત એડવોકેટટ્સ અજયસિંહ એમ. ચૌહાણ, ડેનિશ જે. મહેતા, તથા મદદનીશ તરીકે તુષાર ડી. ભલસોડ રોકાયેલ હતા.

# માલીયાસણ ગામે યુવાન પર મીત્રનો ખુની હુમલોઃ ગંભીર

## વચ્ચે પડેલા વ્યક્તિને પણ ઘા ઝીંક્યાઃ સ્કૂટરમાં સાથે નીકળ્યા બાદ હત્યાનો પ્રયાસ કરનાર શખ્સને પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના આંબેડકર મેઈન રોડ વિસ્તારમાં રહેતો અને બેનર લગાવવાનું કામ કરતા યુવક પર મિત્ર સાથે દ્વેપરાથી માલિયાસણ જઈ રહ્યો હતો. ત્યારે મિત્રએ જ કોઈ કારણસર યુવાન ઉપર છરી વડે હુમલો કરી આડેધડ ઘા ઝીંકી દીધા હતા. જ્યારે યુવકને બચાવવા વચ્ચે પડેલા વ્યક્તિ ઉપર પણ હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા બંને વ્યક્તિને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ફરિયાદ નોંધી હુમલાખોરને ઝડપી લીધો હતો. શહેરના એસટી વર્કશોપ પાછળ આવેલા આંબેડકરનગરમાં રહેતો રોહિત પ્રવિણભાઈ રાઠોડ (ઉ.૨૨) નામનો યુવક રાત્રીના દસેક વાગ્યાની આસપાસ બેડી ચોકડીથી સોખડા ચોકડીની વચ્ચે આવેલ ડામર રોડ પર હતો ત્યારે તેના મિત્ર પ્રકાશે તીક્ષ્ણ હથિયાર વડે ઘાતક હુમલો કરતા ગળે, પીઠના ભાગે તેમજ પગમાં ગંભીર



ઈજા પહોંચી હતી. બનાવના પગલે લોકોના ટોળા એકઠા થતા હુમલાખોર મિત્ર નાશી છુટયો હતો.અને ઘવાયેલા યુવકને ૧૦૮ મારફત સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડ્યા હતો.

બનાવ અંગેની હોસ્પિ. ચોકીના સ્ટાફે નોંધ કરી કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં પીએસઆઈ એમ.જી.સોલંકી સહિતનો સ્ટાફ હોસ્પિ.માં દોડી ગયો હતો. સાથો-સાથ ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી ઝોન-૧ સહિતની ટીમો પણ હોસ્પિ.માં દોડી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં રોહિત રાઠોડ મિત્ર પ્રકાશ પરમાર (રહે. જંગલેશ્વર) સાથે દ્વેપરાથી માલિયાસણ જઈ રહ્યો હતો. ત્યારે મિત્રએ જ કોઈ કારણસર છરી વડે હુમલો કરી આડેધડ ઘા ઝીંકી દીધા હતા. જ્યારે યુવકને બચાવવા વચ્ચે પડેલા વ્યક્તિ ઉપર પણ હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા બંને વ્યક્તિને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે યુવકના નાનાભાઈ ૠત્વિક પ્રવિણભાઈ રાઠોડની ફરિયાદ પરથી મિત્ર પ્રકાશ સામે હત્યાનો પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી હુમલાખોરને ઝડપી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવક પર હુમલો થયો ત્યારે રોડ પર મદદ માટે રાડો પાડતો હતો.ત્યારે એક રાહદારી વચ્ચે પડતા શખસે તેના પર હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

# ભવાનીનગરમાં વાહન પાર્ક કરવા મુદ્દે પાડોશી પરિવાર વચ્ચે મારામારીઃ ત્રણને ઈજા

## મારામારીમાં ઘવાયેલી ત્રણેય પરણિતાને સારવારમાં ખસેડાઈ; પોલીસ તપાસ જારી



રામનાથપરા વિસ્તારમાં આવેલા ભવાનીનગરમા વાહન પાર્ક કરવા મુદે પાડોશી મહીલા વચ્ચે મારામારી થઈ હતી જેમા બંને વચ્ચ પક્ષે ૩ મહીલાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાય હતી. આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ ભવાનીનગરમાં રહેતા ગીતાબેન મનસુખભાઈ બારૈયા (ઉ.વ. ૪૩) અને પુરીબેન મનોજભાઈ બારૈયા (ઉ.વ. ૪૬) રામનાથ મહાદેવ મંદિર પાસે હતા ત્યારે નણંદ સવિતાબેન અને તેની પુત્રવધુ કાજલબેને ઘર પાસે ગાડી પાર્ક કરવા મુદે ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. જયારે વળતા પ્રહારમા કાજલબેન રાહુલભભાઈ બારૈયા (ઉ.વ. 30) ઉપર મનસુખ અને વિવેક તેમજ ગીતાબેને લાકડી વડે હુમલો કર્યો હતો મારામારીમા ઘવાયેલી ત્રણેય મહીલાને સારવાર માટે ખસેડવામા આવી હતી. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.